સચિત્ર આઠ ચિત્રો.

# શયતાની લીલા.

અથવા

## ઝેરીલી નાગણ.



કીંમત આઠ આના.

# શ્રી પ્રાણજીવન પુસ્તકાલય

ટાવર રોડ, સુરત.

તમામ જાતના સસ્તાં પુસ્તકો મેળવવાનું વિશ્વાસપાત્ર ઠેકાણું:-



માલીક:-ઠા. પ્રાણલાલ જીવણદાસ બુકસેલર.

Shankar Press-Surat

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૧૨૭૮૮ वर्गीक

पुस्तकनुं नाम શામળાનાં ગીતો

विषय ૮ : ૩

—: ॐ :—

(સચિત્ર) શ્રી સરસ્વત્યૈ નમ: ! (સચિત્ર)

# શયતાની લીલા.

—: અથવા :—

## " ઝેરીલી નાગણ. "

( એક કાલ્પનિક ડિટેકટીવ નવલકથા. )

પ્રયોજક:-" પુષ્પ. "


પ્રકાશક:-" શ્રી પ્રાણજીવન પુસ્તકાલય. "

ઠક્કર પ્રાણલાલ જીવણદાસ વજાણી.

બુકસેલર એન્ડ પબ્લીશર. ટાવર રોડ—સુરત.



[ સર્વાધિકાર પ્રકાશકને સ્વાધીન છે. ]



આવૃત્તિ પહેલી] સંવત ૧૯૮૬. [પ્રત ૫૦૦૦.

[ચિત્રકાર રા. રા. પુષ્પેન્દ્ર]

સુરત—ચૌટાના પુલ ઉપર આવેલા "શંકર" પ્રી. પ્રેસમાં

નારાયણરાવ લક્ષ્મણરાવ ટીકમે છાપી.

મૂલ્ય:-રૂ. ૦-૧૨-૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૧૨૭૫૮

# અનુક્રમણિકા.


| પુષ્પઃ-સંખ્યા. | વિષય. |
|---|---|
| (૧) | ..."દયાની દેવી." |
| (૨) | ..."આશાનું તીર." |
| (૩) | ..."કારમી ચીસ." |
| (૪) | ..."તમંચાનો બા'ર." |
| (૫) | ..."ધર્મ કરતાં ધાડ." |
| (૬) | ...'અજાણ્યો આશક." |
| (૭) | ..."યાદ રાખ." |
| (૮) | ..."સાવધાન." |
| (૯) | ..."હૃદયના દાન." |
| (૧૦) | ..."સાધુનો ચમત્કાર." |
| (૧૧) | ..."વૈરી કે બ્હેન ?" |
| (૧૨) | ..."શરમ છે." |
| (૧૩) | ..."સો ફટ્કાની સજા." |
| (૧૪) | ..."સૌથી પ્હેલી મા." |
| (૧૫) | ..."પાપનું પ્રાયશ્ચિત્ત." |
| (૧૬) | ..."ઇશ્વરનો ન્યાય." |
| (૧૭) | ..."છેલ્લી ઘડી." |
| (૧૮) | ..."વીસ વર્ષ પ્હેલાંની વાત." |

—: ઉપસંહાર–શંકા–નિવારણ. :—

# બે બોલ.

પ્રિય વાંચક !

મ્હને એવી સ્વપ્ને પણ આશા ન્હોતી, કે મ્હારી "મોતીની માળા" ના અનુસંધાન રૂપે રચાયલી આ નવલિકા, એટલે મ્હારી વીસમી કૃતિ આટલી ટુંક મુદતમાં બ્હાર પડવાનો સમય પ્રભુ મ્હને દેખાડશે.

પુસ્તકની વસ્તુ વિષે મ્હારે વિશેષ કશુંજ કહેવાનું નથી. કેવળ એટલુંજ કહેવું બસ થશે, કે નામ પ્રથમ પસંદ કરી તેની ઉપરથી નવલકથાની વસ્તુ તૈયાર કરવામાં આવી છે, નહી કે પુસ્તકની વસ્તુ સંકલના બંધાયા પછી બધ બેસ્તું નામ શોધવામાં આવ્યું છે.

જો કે નવલકથા ડિટેક્ટીવ છે, છતાં એમાં વસ્તુ ગુંથણી મ્હોટે ભાગે સામાજીક છે. "ગરીબ તેમજ તવંગર" તમામ એકજ પ્રભુના બાળક હોઇ સર્વને દેવસ્થાનમાં પ્રવેશવાનો એકસરખો અધિકાર છે, તથા પ્રજાને પુત્રવત્ ગણી પાળનાર રાજાએ પ્રજાના તાતનો નહી પરન્તુ સેવકનો હર પળે દાવો કરવો ઘટે છે, એવાં કંઈક શુભ ઉદ્દેશ ઉપર વાર્તાનુ વલણ વાળવામાં આવેલું છે.

હવે આ પુસ્તકનુ પ્રકાશન-સ્થાન કેમ બદલવું પડયું ? તત્ સંબંધમાં વિધાતાની વિચિત્ર ઘટના, અને કંઈક વિલક્ષણ વિભુનો સંકેત ! તે સિવાય બીજું કશુંજ નહી.

કેવળ મ્હારી આ નવલકથાના પ્રકાશક બંધુ પ્રાણલાલ જીવણદાસને માટે મ્હારે અત્રે હર્ષ એટલા માટે પ્રદર્શિત કરવો જોઈએ, કે એમણે અતિ લાંબે સમયે આ સાહિત્યપ્રેમી સેવકને યાદ કરી એની ઉછરતી લેખીનીને આગળ વધવા એકવાર પુનઃ માર્ગ મોકળો કરી આપ્યો. પ્રભો ! અમારો આ નવીન સંબંધ ચિરસ્થાયી બનાવે !

| | | |
|---|---|---|
| વાડીફળીઆ પગથીઆશેરી. સુરત. | ભવદીય:— સાહિત્યપ્રેમી "પુષ્પ." ગમનલાલ હીરાલાલ બદામી. | ચૈત્રી પૂર્ણિમા. સં. ૧૯૮૨ |

***શ્રી***

# સમર્પણ.

**સ્વ. શે. શા. ઠક્કર દામોદરદાસ હેમજીભાઈ (ભાવનગર)**

આપશ્રીએ આપણી લોહાણા જ્ઞાતિને અંગે પડેલી એક કેળવણીની મહા ખામી દૂર કરવા માટે આપનો ઉદાર હાથ વિના સંકોચે લંબાવી જ્ઞાતિના ગરીબ વિદ્યાર્થીઓ માટે "લોહાણા બોર્ડીંગ હાઉસ." જેવી એક સુન્દર સંસ્થા સંસ્થાપિત કરી છે.

એ સખી દીલની સખાવતના સંભારણાં રૂપે આપણી ન્યાતીના નાક રૂપ એ સંસ્થા જ્યાં સુધી કાયમ રહેશે, ત્યાં સુધી આપનુ નામ, તથા આપનુ કામ બંને અમારાં દરેક જ્ઞાતિ બંધુના હૃદયમાં સુવર્ણાક્ષરે સદાને માટે અંકિત રહેશે.

ફૂલ નહી ને ફૂલની પાંખડી આજે મ્હને આ જે કંઇ મળે છે, તે વડે હે સખી બંધુ! તમારી આ મહાસેવાને સંભારી, પૂજા કરવા પ્રેરાઉં છું. એ સંસ્થાનો આશ્રય લેનાર ભવિષ્યના એ યુવાનો, તમારી જન્મપર્યંત આરતી ઉતારવી નહીજ ભૂલે.

પ્રભો! આપનું આ આદર્શ અને અનુકરણીય દ્રષ્ટાંત અમ એકેએક જ્ઞાતિબંધુના ઉરમાં અખંડિત જ્વલંત રાખી આપના સ્વર્ગસ્થ આત્માને ચિરઃશાન્તિ આપે! એવી નમ્ર પ્રાર્થના સાથે આ સાહિત્ય-ફૂલડાંની ન્હાનકડી માળા આપના પરમ, પવિત્ર અને પુનિત કંઠમાં હર્ષથી છલકાતા હૈયે અર્પણ હો.

અર્પનારઃ-આપનો સ્નેહભીનો બાળક,

**ઠક્કર પ્રાણલાલ જીવણદાસ બુકસેલર. (ભાવનગરવાળા)**

# શયતાની લીલા.

—: યાને :—

# "ઝેરીલી નાગણ."

## પુષ્પ:—૧ લું.

### "હયાની દેવી."

"ખ્હેરા છો ? સાંભળતા નથી ? ચાલો બાજુએ ખસો." એક સત્તાધીશ સિપાઇ ગર્જ્યો.

"પણ ધક્કા શાનો મારે છે ? છે શું ? એક તીખા મગજનો જુવાનીઓ લોકોના ટોળામાંથી જરા ઉંચી આંખ કરી બોલ્યો.

"ખબર નથી ? બેવકૂફ ! મહારાણી લીલાવતી દર્શન કરવા આવે છે.".

"ભલેને આવે ! તેમાં આટલી બધી ધમાલ શી ?"

"કહું છું કે બાજુએ હઠી જા, તો પણ સાંભળતો નથી. ચાલ......" કહેતાંજ મગરૂર અને માથાના ફરેલ બે બદામના પગારદાર નોકરે પેલા બિચારાને બોચીમાંથી પકડી બાજુ ઉપર ફેંકી દીધો.

કલકત્તાના એક પ્રસિદ્ધ ભાગ નામે લીલાપુરમાં અત્યારે ત્રિયારાજ ચાલતું હતું. રાજ્યની લગામ મહારાણી લીલાવતીના હાથમાં હતી. એના નામ ઉપરથીજ નગરનું નામ પણ લીલાપુર રાખવામાં આવ્યું હતું. નગરના ધર્મિષ્ઠ રાજા વિજયસિંહનું ખૂન કરી રાણી ગાદીએ બેઠી હતી, એવી છૂપી લોકવાયકા નગરમાં ઉડતી હતી, છતાં પણ ઝેરીલી નાગણ જેવી રાણીનો પ્રજાજનો ઉપર એવો તો સખ્ત ત્રાસ હતો, કે કોઇ તેનું નામ પણ ઉચ્ચારી શકતું નહી. વિધવા હોવા છતાં લીલાવતી સોળે શણગાર પ્હેરી, રાજસિંહાસને બેસતી, અને નગરમાં ફરતી. સંતાનમાં માત્ર તેને એક સત્તરથી અઢાર વર્ષનો પુત્ર હતો. જેનું નામ રણવીર હતું. પરન્તુ પુત્રમાં કંઇજ સત્વ ન્હોતું. તે દેખાવડો અને ફૂટડો હોવા છતાં બાયલો અને સ્ત્રીઓની માફક શરમાળ તથા ઝીણું ઝીણું બોલનાર હતો.

લીલાપુરમાં આજે શિવ-જયંતીનો મહોત્સવ હતો. જેને લઇને દર્શને આવનાર નર-નાર બાલકની એક પ્રચંડ ભીડ ત્યાં થઇ રહી હતી. ગામના નગરશેઠ વીરધવલની પુત્રી વનમાળા પોતાની સખીઓ સાથે દેવાલયના ચોકમાં સુંદર ગરબો ગવડાવી રહી હતી.

—: ગરબો :—

( ઓધવજી સંદેશો કે'જો શ્યામને...રાહ. )
સહીયર ! ચાલો ગરબે રમીએ ઘેલડી !
વસન્તમાળા આવે છે અલબેલડી.
કોયલડી ટહુકે ને બોલે મોર હો !
વ્હેલી ! વ્હેલી ! વ્હેલી ! આવ વસન્ત ઓ !

* * * * *

શ્યામ ઝૂલાવે રાધા હોંસે ઝૂલતી,
હિંડોળો બાંધીને વ્હેની ! ફૂલનો.
પાંખડીઓ(હૃદય) પરચેલી કળિની ખૂલતી,
કુમારીકાને કરમાવાના કોડ હો...વ્હેલી.

*     *     *     *     *

ગરબાનો રસિક વેગ સરિતાના નિર્મળ પ્રવાહની પેઠે અખંડ અને એકધાર વહી રહ્યો હતો, એવામાં તેને કાને એક કરૂણ ચીસ આવી. ગરબો ગવડાવતી એ બાળા એકદમ બ્હાર દોડી આવી. મંદીરના અર્ધ પગથીઆ તે નીચે ઉતરી. બ્હાર—નીચે જે કરૂણ દ્રશ્ય નિહાળ્યું, તે જોતાંજ તે કમકમી.

મહારાણી લીલાવતીના મદોન્મત્ત સેવકોએ દેવાલય આગળનો રસ્તો સાફ કરવા જતાં એક ગરીબ ભિખારણના એકના એક પુત્રને ઘોડાના પગ નીચે છુંદી નાખ્યો હતો. ભાગ્યહીન ભિખારણ, પુત્ર વત્સલ મા, પોતાના પુત્રના મૃત—શબ ઉપર આંસુ પણ પાડવા જઇ શકતી ન્હોતી. સત્તાધીશ સેવક તે બાપડી પ્રૌઢ ભીખારણને ચોટલો પકડી, ઘસડતો હતો—રસ્તાની બાજુએ કાઢતો હતો. જ્યારે ભિખારણ પોતાના લોહીલોહાણ પુત્રનુ શબ લેવા દિવાની બની વળી વળીને ત્યાં દોડી આવતી હતી.

રાણીનું અત્યાચારી લશ્કર ગરીબ પ્રજાજનને છૂંદીને દેવસ્થાન પાસેનો રસ્તો મોકળો કરે છે, એ નિર્દય હત્યાકાંડ, અને પૈશાચિક દ્રશ્ય આ સોળ વરસની યુવાન દયાળુ બાળાથી ન જોવાયું. ગમે તેવીય તે એક નગરશેઠની પુત્રી હતી. મંદીરના પગથીઆ ઉતરી લોકોની ભીડ ભેદી, તે પેલા અધિકારી પાસે આવી પ્હોંચી, કે જે અત્યારે પેલી ગરીબ ભિખારણને ચોટલેથી પકડી ઘસડી રહ્યો હતો.

હાલહવાલ થએલી તે ભિખારણનો કેશકલાપ છોડાવી, તેને પોતાની પડખે ઉભી રાખી, એ વીરબાળા બોલી, "બસ કરો એ નામર્દ શયતાનો. તમારી આ ભીષણ શયતાનીયત આટલેથીજ અટકાવો. આ શું કરો છો ? કોની સત્તાથી ? જવાબ આપો."

"મહારાણી લીલાવતીના અંગરક્ષક પાસે જવાબ માગનાર એ નાદાન છોકરી ! પ્હેલાં બતાવ, કે તું કોણ છે ?"

"એક પ્રજાજન ! કે જેના પૈસાથી તું પોષાય છે, જેના પૈસામાંથી ત્હારો પગાર ચૂકવાય છે. ઓ બે બદામના ગુલામ ! નિર્દય હીચકારા ! ત્હને એ ખબર નથી કે તું કોનો નોકર છે !"

" લીલાપુરનો ! રાજ્યનો ! મહારાણીનો !"

" નહી. "............................" ત્યારે ?"

"પ્રજાનો, રૈયતનો. રૈયત ત્હને પગાર આપે છે. રૈયતના રક્ષણને માટે તમને નિમવામાં આવેલા છે, નહી કે ભક્ષણને માટે. રાજા કાંઇ ગાંઠથી તમને પગાર ચૂકવતો નથી. અરે રાજા સુદ્ધાં પ્રજાનો સેવક છે, કારણ કે પ્રજાજ પોતાની કમાણીમાંથી તેનું પણ પૂરૂં કરે છે."

"એટલે શું ? તું મ્હને અને મહારાણીને ત્હારાં સેવક સમજે છે ?"

"મ્હારા એકલાનાજ નહી, પરન્તુ આવા ગરીબ, મુફલીસ, કંગાલ ભીખારીઓના પણ સાથે. રાજા કોનો ? પ્રજાનો. પ્રજા વિના રાજા નથી થવાતું.

જીને પ્રજાનો પ્રેમ તે રાજા પ્રજાનો તાજ છે,
રાખે પ્રજાને ક્ષેમ તે રાણી પ્રજાની માત છે.

જેના મગજમાં શૌર્ય ને સત્તા તણું ગુમાન છે,
અફસોસ ! જેના રાજ્યમાં આવાંજ કર્મે આમ છે.
જ્યાં ન્યાય નીતિ, ધર્મના નહી નામ કે નીશાન છે,
રાજા નહી રાક્ષસ ! પ્રજાનો સ્વામી નહી શયતાન તે.

અરેરે ! ધિક્કાર છે એ રાજને ! ધિક્કાર છે એ તાજને !

લોહી પ્રજાના ચૂસવાં, બસ એજ જેનો ધર્મ છે,
રે ! ગરીબોને છૂંદવાં...જે રાજવીનું કર્મ છે.
રૈયતને માટે કાયદા...રાજાને માટે કંઈ નહી,
સગવડ શરીફોને મળે...કંગાલ માટે કંઇ નહી.
જે રાજમાં નહી એક સરખો સર્વને અધિકાર છે,
એ પક્ષપાતી રાજવીના રાજ્યને ધિક્કાર છે.

ખાવ છો, તેનુંજ ખોદો છો. ફળ આપનાર ઝાડનાજ મુળીઆં ઉપર ઘા ! કુહાડીમાં હાથો આપનાર કાષ્ટનેજ ચીરવા માગો છો !"

"અલબત્ત ! આજે સારી દુનિયામાં સત્તાધીશો અને શ્રીમંતોનોજ સિક્કો વાગે છે. એનું નામજ સામ્રાજ્ય સત્તા."

"કે જે ઝાકળના બિન્દુ જેવી ઘડી બે ઘડીની છે.

ભલે ચલવો, તમારી ચાલશે દુનિયા ઉપર સત્તા,
પ્રભુને ત્યાં પરન્તુ નહી તમારા લાગશે પત્તા.
જવાબો ત્યાં નહી ચાલે તમારા આ ઉંધા-ચત્તા,
હીસાબો જોઇશે ચોકખા નહી ઓછા, નહી વત્તા.
બતાવો રોફ અહીંયા પણ તમારૂં ત્યાં નહી ચાલે,
મઝા આજે કરી લ્યો પણ તમારી વાત છે કાલે."

"કાલે ! કાલે શું કરવાની હતી ?"

"ન્યાય માગીશ ! ભર્યા દરબારમાં આ નિર્દોષનું ખૂન કરી, વગર વાંકે લોહી રેડવાનો ન્યાય માગીશ."

"કોની પાસે ?"

"લીલાપુરની મ્હારી મોજીલી અને મદાંધ મહારાણી પાસે."

"મહારાણી આ રહી. નાદાન છોકરી ! કહે ત્હારે શું કહેવાનું છે ?" પાસેની પાલખીમાંથી મહારાણી લીલાવતી બ્હાર આવી ઉભી રહી.

"બીજું કંઇજ નહી. કેવળ આ ભિખારણને નિર્મળ ન્યાય આપો."

"શા આધારે ?"

"સાબીતીમાં લોહીલોહાણ લાસ મોજુદ છે. તમારા પોતાના રાજ્ય ફરમાનો પ્હેલાં તમારે પોતેજ પાળવા જોઇએ."

"કાયદા પ્રજાને માટે છે, રાજા તથા તેના અમલદારોને માટે નહી. સમજી ?"

"કારણ કે અમલદારોમાં જીવ છે, જ્યારે ગરીબ પ્રજા નિર્જીવ અને નિર્બળ છે ! પ્રજા આંધળી છે, અને એકલાં અમલદારોજ દેખતાં છે. અમલદારો સત્તાધીશ શેઠ છે, અને રાંકડી રૈયત બાપડી ગુલામ છે ! કેમ એમજને ? કાયદા અમારે માટે છે, તમારે માટે કંઇજ નહી. કેવી સુન્દર નિષ્પક્ષપાત રાજ્યનીતિ ! વાહ !"

"રાજા ધારે એ કરી શકે છે."

"યથા રાજા તથા પ્રજા."

"રાજા પ્રજાનો પિતા ગણાય છે. પિતા સંતાનને શિક્ષા કરી શકે છે."

"તેમજ પિતાની ભૂલ પુત્ર-પ્રજા પણ બતાવી શકે છે. ફરિયાદ કરવાનો ન્યાય માગવાનો પ્રાણી માત્રને હક્ક છે."

"હક્ક અમીરોને હોય! ગરીબોને વળી હક્ક કે વા! ભિખારીઓએ ભૂપાળને નમીને ચાલવું એમાંજ એમનું ભૂષણ છે, એ કંઈ આજકાલની નવી વાત નથી."

"ગરીબોએ અમીરોને નમવું, એવું કંઇ ઇશ્વરી ફરમાન નથી. અરે! જે ગરીબોમાં છે, તે અમીરોમાં અક્ષતભાર નથી.

રંક એવી ઝુંપડીમાં રત્ન પયદા થાય છે,
જે ગગનચુંબિત મ્હેલમાં નહી જન્મતાં દેખાય છે.
કોલસાની ખાણમાં કોહીનૂરો લેખાય છે,
આકાશ જેવી પોલમાં પરમાત્મન્ પેખાય છે.

અમીર ગરીબના ભેદ! અને તે પણ ક્યાં? આ દેવસ્થાન જેવી પવિત્ર જગ્યાએ! વળી દેવના દરબારમાં તે મ્હોટા, ન્હાના, ગરીબ, તવંગર, યા ઉચ્ચ નીચનો ભેદ કેવો?

આ ધર્મ, નીતિ, ન્યાયનું મંગળ પવિત્ર મકાન છે,
મ્હારૂં તમારૂં હું નથી જ્યાં એજ દેવસ્થાન છે.
એ દેવના મંદિરમાં...નહી ભેદ-ભાવો ભિન્નતા,
કંગાલ તેમ કૂબેર...સઘળા ભક્તજનની એકતા.

મહારાણી! છે ધર્મ જુદો કોઇનો તો કોઈની ભાષા જુદી,
છે પંથ ન્યારો કોઇનો તો કોઇની ન્યાતી જુદી.
ધર્મી, વિધર્મી, બ્રહ્મ, ભંગી, એક વૃક્ષની ડાળ છે,
એકજ જનેતા ને બધાં એકજ પિતાના બાળ છે.

જરા વિચાર કરો, સમજો."

"લીલાપુરની રાજ્યરાજેશ્વરીને સમજાવનાર તું કોણ ?"

"નગરશેઠ વીરધવલની વીર બાળકી, મ્હારૂં નામ વનબાળા."

"વનબાળા !" લાલચોળ આંખે મહારાણી ગર્જી.

"જી. હા. મહારાણી ! અધિકારીઓના અધિકાર ! અહીંયા દેવમંદિરે ન હોય. અહીં તો શૂરવીરને મસ્તક નમાવવું રહ્યું, જ્યારે નિર્બળને પણ તેમજ. રાજા અને રૈયતનો ભેદ અહીં ન હોવો જોઇએ. [શિવની મૂર્તિને સૌ કોઇ નમી શકે. દેવના દર્શન સૌ કોઇ કરી શકે. દેવ કંઈ તમારા એકલાના નથી.

પૈસો પ્રજાનો આ પ્રજાજનનુંજ દેવસ્થાન છે,
રાજા અને રૈયત ઉભયને હક્ક એક સમાન છે.
બ્રાહ્મણ અગર ભંગી ! ભિખારી હો અગર ધનવાન હો !
ચાહે પછી સેવક અગર સામ્રાજ્યનો સુલ્તાન હો.

જીવ સર્વમાં સરખાં છે. દર્શનનો અધિકાર દરેકને એક સરખો છે. તે પણ મનુષ્ય છે. તમે પણ મનુષ્ય છો.

હડસેલી કાઢો એમને એ રોકડો અન્યાય છે,
સમજો ! ગરીબો પણ બધાં ગોવિંદથી સરજાય છે.
હડધુત કરવા એમને એ આપણી બહુ ભૂલ છે,
તમને ન ! પણ તેને બધાનુ એક સરખું મૂલ છે."

"કુમાર ! શું જુએ છે ? ઘોડો આગળ લે, અને ધીરસિંહ ! તું આ હઠીલી છોકરીને ધક્કો મારી અહીંથી દૂર કર. આ ભિખારણને... પણ અહીંથી આઘી લઇ જાવ"...મહારાણીએ પોતાની પાલખી પાછળ ઉભેલા પોતાના યુવાન કુમાર તથા અંગરક્ષકને આજ્ઞાઓ આપી.

કુમાર રણવીરે ઘોડો આગળ ફેંકયો. મહારાણી પાલખીમાં ગોઠવાઇ ગઇ. પાલખીવાળાને તે એમને એમ મંદીરમાં લઇ જવાની આજ્ઞા અપાઇ ચૂકી.

ધીરસિંહ જેવો વનમાળાનો હાથ પકડવા જાય છે, તેવીજ તે એક સિંહણની માફક છલંગ મારી, મહારાણીની પાલખીની આડે આવી ઉભી. "ખબરદાર ! મહારાણી ! આ ભિખારણનો ન્યાય જ્યાં સુધી નહી અપાશે ત્યાં સુધી એક કદમ પણ તમારી પાલખી હું આગળ વધવા દેનાર નથી."

"ઓહો ! એટલું બધું ?" ધીરસિંહ તપીને બોલ્યો. "લે...આ ન્યાય." કહેતાંજ તેણે પેલી ભાગ્યહીન ભિખારણનું માથું તરવારને એકજ ઝટકે ધડથી જુદું કરી નાખ્યું. પરન્તુ બીજીજ પળે લોકોના ટોળામાંથી એક તીવ્ર તીર છુટયું. ખુની ધીરસિંહની છાતી કોરી તેણે ભિખારણ તથા તેના પુત્રના લોહીનો વ્યાજ સાથે બદલો લઇ લીધો.

પાલખીની બ્હાર નીકળેલી મહારાણી લીલાવતી તથા વનમાળા બંને હજારો લોકોની મેદીનીમાં આ આશ્ચર્યકારક ઘટનાને નિહાળતા ઉભા. ધીરસિહના ખુનથી મહારાણીનો મિજાજ ગયો. પોતાના સિપાઇઓ તરફ જોઇને તે ગર્જી. "બાયલાઓ ! બૂડી મરો. જોઇ શું રહ્યા છો ? આ પાંખો ફફડાવતી મેનાને (વનમાળાને) પકડો. બાંધો. જાવ લઇ જાવ, અને આ તીર મારનારની તપાસ કરો."

ચાર સિપાઇઓ તીર મારનારને શોધવા ચાર દિશા તરફ દોડયા, જ્યારે બે સિપાઇઓએ વનમાળાને પકડી લીધી.

"જાવ. એને સખ્ત જાપ્તામાં રાખજો. બપોરના રાજદરબારમાં હાજર કરજો. એનો ન્યાય ત્યાં થશે."

આજ વખતે એક બીજું તીર રાણીના પગ આગળ આવી પડયું. આની સાથે એક ચિઠ્ઠી હતી. રાણીએ એને ઉપાડી વાંચી.

સાવધાન!

"વનવીર."

બ્હારવટીઆ વનવીરનું નામ મહારાણી લીલાવતી તથા લીલાપુર સારી રીતે જાણુતા હતા. તે પાલખીમાં પાછી બેઠી. દર્શન કીધા વિનાજ તે કેદી વનમાળાને લઇ ચિઠ્ઠી ઉપર વિચાર કરતી પોતાને રાજ્ય મહેલે પાછી ફરી.

જ્યારે વનમાળાની સખીઓ તેના પિતા વીરધવલને આ વધામણીની વાત કે'વા દોડી.

## પુષ્પ:—૨ જું.

### "આશાનું તીર."

"વીરધવલ! તમારી આ ઉદ્ધત છોકરીનું મોઢું બંધ કરો, નહી તો પરિણામ બહુજ ભયંકર આવશે."

"મહારાણી! એ તો આપનું બાળક છે. એના બોલવા તરફ ધ્યાન ન આપો. એની ભૂલને માટે હું માફી માગું છું, પાઘડી ઉતારું છું." વયોવૃદ્ધ નગરશેઠે પોતાની એકની એક કન્યા વનબાળાને મહારાણીના ઉગ્ર કોપાગ્નિમાંથી ઉગારવા હાથજોડી મસ્તક નમાવ્યું.

* * * * *

લીલાપુરના રાજ્યદરબારમાં મહારાણી લીલાવતી કેદી વનબાળાનો ન્યાય કરી રહી હતી. સખીઓથી જાણીતો થયેલો પિતા પોતાની લાડીલી પુત્રીને બચાવવા દરબારમાં આવી પ્હોંચ્યો હતો. ભર્યા દરબારમાં એ વીર બાળા મક્કમ ઉભી રહી હતી. એનો નિશ્ચય હજુ એમજ હતો.

"જાવ! વીરધવલ! તમે રાજ્યના જુના વફાદાર નોકર તથા લીલાપુરના નગરશેઠ હોવાથી તમારા માનને ખાતર આટલી વખત તો તમારી આ બોલકણી છોકરીનું અપમાન ગણી જાઉં, એને જવા દઉં છું, પણ હવેથી સંભાળજો. ગમે તેવી પણ એ હજુ નાદાન અજ્ઞાન! તેમાં વળી 'પ્રમદાની બુદ્ધિ પાનીયે' એટલે પછી રહ્યુંજ શું!"

"નહી નહી. એ ગર્વાંધ મહારાણી! જગતની તમામ અબળાઓને નિર્બળ માની લેવામાં ત્હારી મ્હોટી ભૂલ થ.ય છે. વિચાર કર! પદ્મિની, ચાંદબીબી, અને મહામાયા પણ સ્ત્રીઓજ હતી. ત્રિયાએ તો ત્રિલોક જીત્યા છે.

ત્રિયા અપાવે તાજને, ત્રિયા કરે તારાજ,
માધવની મહિલા થકી ગયું કરણનુ રાજ

અબળાઓ પ્રબળાઓ બની, વીરાંગના થઇ યુધ્ધે ચઢયાના કરોડો દાખલા ઇતિહાસમાં મોજુદ છે.

રણધીર વીરોની અસી જ્યાં જ્યાં નકામી જાય છે,
ત્યાં એક પ્રમદા-આંખનો પલકાર વિજયી થાય છે.
હાર્યો ત્રિયાની પાસ એ ચાલાક ઉજ્જયનિ પતિ,
આ સૃષ્ટિ-ઉત્પાદક જુઓ શકિત સ્વરૂપે સ્ત્રી હતી.

એક સ્ત્રી થઇ પોતાનું ગૌરવ હીન કરતાં પ્હેલાં, આવો અન્યાય આપતાં પ્હેલાં પૂરતાં વિચાર અને વાંચનની જરૂર છે."

"ચૂપ રહે. બેઅદબ છોકરી! જેમ જેમ હું નથી બોલતી, તેમ તેમ તું મનફાવે એમ, મ્હોંમા આવે એમ, બકી જાય છે. વિકાળ! ચાબખો લાવ."

અંગરક્ષક વિકાળસિંહના હાથમાં ચાબખો લેતી રાણી સિંહાસનેથી નીચે ઉતરી. "ચાલ. આ ભરી સભામાં ઘુંટણીએ પડી મ્હારા માફી માગ."

"માફી! અને તે શા ગુહ્નના માટે?

જેના પ્રભુમય જીવનો...પ્રેમાળ તેમ પવિત્ર છે,
વાણી વચન વર્તન વિશુદ્ધ તમામ આત્મ-ચરિત્ર છે.

જેના હૃદય શુભ પૂણ્યવન્તા નિર્મળાં નિષ્પાપ છે,
જેના હૃદયમાં દયા–માયાની મનોહર છાપ છે.
જ્યારે જુઓ ત્યારે હૃદયના દર્પણો જ્યાં સાફ છે,
એવા દયાળુ ને દીલાવર દીલને બસ માફ છે.

પછી એને કોઇની પણ માફી માગવાની જરૂર રહેતીજ નથી. માફી ગુન્હેગારને માગવાની હોય ! ખૂનીને માગવાની હોય."

"તો શું મ્હારું અપમાન ! એ ત્હારો ગુન્હો નહી ?"

"તમારી નજરે ભલે હોય, બાકી મ્હારી નઝરે તો તમે પોતેજ ગુન્હેગાર છો.

ભિખારી ને ગરીબોની તમે ગરદન ઉડાવો છો,
નીતિ ને ન્યાયની નૌકા તમે લાખો બુડાવી છે.
હૃદય નિષ્ઠુર રંગ્યું છે ઉડાડી લોહીની છોળો,
દીપાવ્યો છે પનોતા પાપના પુત્રે તમે ખોળો.

પેલી ગરીબ ભિખારણ ને તેના પુત્રનું હૃદયભેદક કરપીણ કાળું કામ શું એટલીજ વારમાં ભૂલી ગયા ?

આંસુ અને અફસોસ ! એ નિર્દોષીઓના નહી મૂકે,
ન્યાયી નિરંજન ન્યાય પોતાનો કદી પણ નહી ચૂકે.
હા ! એમના નિશ્વાસ તમને જીંદગીભર બાળશે,
એ ગરીબોની હાય ! સત્યાનાશ સૌનું વાળશે."

"ભલે વાળે ! આ દયાની દેવી ! લે...એમના તરફની વકિલાતનું આ પારિતોષક ! (ફી )"

મહારાણીએ વનમાળાના કુમળાં શરીર ઉપર એ લોહીની તસ ફુટે એવો ચાબખાનો સપાટો લગાવ્યો, છતાં ગરીબોને માટે મરદન

આપનાર એ વીર બાળાની આંખમાંથી આંસુનું એક ટીપુ સરખુંય ન પડ્યું. દુઃખની ઝીણી ચીસ સરખીયે ન સંભળાઈ.

બીજો ફટકો તેના ગૌરાંગ ઉપર પડે તે પ્હેલાં તો વીરધવલની આંખમાં પાણી આવી ગયાં. મહારાણીને સમજાવી, શાન્ત પાડી તે પોતાની પુત્રીને સજળ નયને કહેવા લાગ્યો.

"બ્હેન! બેટા! સત્તા પાસે શાણપણ નકામું છે. માફ માગવાથી, અગર તો મસ્તક નમાવ્યાથી કાંઇ નીચા બાપાપના નથી થઇ જવાતું. **સત્તાની સોટીથી નમેલાં માથાઓ કયાં સુધી નમતા રહેવાના છે? હૃદય નથી નમ્યાં, ત્યાં સુધી કંઇજ નહી. ને હૃદય તો પ્રેમથી નમે છે, બળાત્કારથી નહી.** તું સમજુ છે. તો પછી આ ખોટી હઠ છોડી દે. મને કે કમને મહારાણીને રાજી રાખવા ખાતર મસ્તક નમાવી માફી માગ! ત્હારા વૃદ્ધ પિતાના શબ્દોનું પણ કાંઇક માન રાખ."

"પિતાજી! તમે મ્હને આ શી સલાહ આપો છો? હું પગે પડું, અને તે કોને? આ નિર્દોષના ખૂનના લોહીમાં હાથ બોળનાર જીવતી ડાકણના!"

"હું જીવતી ડાકણ?"

"એક વાર નહી પરન્તુ એક હજાર વાર."

"ત્હારી એજ વાચાળ જીભ હમણા બંધ કરૂં છુ. જો."

ચાબખાનો બીજો ફટકો મહારાણીએ વનબાળાના શરીર ઉપર લગાવ્યો, પરન્તુ પુત્રીપ્રેમી વૃદ્ધ પિતા આ વેળા "હાં...હાં..." કરતો વચ્ચે પડ્યો. ચાબખાનો માર તેની બરડી કાયા ઉપર પડ્યો. "ઓહ પ્રભુ!"

એક કારમી ચીસ નાખી એ વૃધ્ધ નમરશેઠ જમીન ઉપર પટકાઇ પડ્યો. એનો તરફડતો પ્રાણ પોતાની પુત્રીની અશ્રુભરી આંખો ઉપર છેલ્લી નજર નાખી પ્રભુના ન્યાયદરબારમાં ફરિયાદ કરવા દોડ્યો.

છતાંય ધન્ય છે એ વીર વનબાળાની છાતીને! ગરીબોને માટે મરી ફીટનાર એ શ્રીમાન સંસ્કારિત બાળાની આંખમાંથી અશ્રુજળ વિના એકેય અન્ય નિશાની ન દેખાઇ! તેના મેંઢામાંથી એક શબ્દ પણ ન્હોતો નીકળ્યો. પોતાના અડગ ટેક-યજ્ઞમાં તેણે પ્યારા પિતાની પ્રથમ આહૂતી આપી. એનું પિતૃવાત્સલ્ય હૃદય અંદરથી રડી રહ્યું હતું. છતાં કેટલી અસીમ સહનશીલતા!

"કેમ! આજ્ઞાના અનાદરનું આ પરિણામ જોયું?" મહારાણી ભયંકર સ્વરે બોલી.

"એમાં શું જોવાનું હતું? શાસ્ત્રો અને હિન્દુધર્મ તો એટલે સુધી કહે છે, કે તમારા અંતરના અવાજને ઓળખીનેજ ચાલો. એની આડે આવનાર, પછી ભલેને તે માત હોય કે પુત્ર! તમામને ત્યાગો. ધર્મને માટે, દેશને માટે, આબરૂને માટે, અને વચનને માટે, વ્હાલામાં વ્હાલી વસ્તુઓની પણ હસતે મોઢે કુરબાની આપો.

સદા સંસારમાં તો સત્યને રસ્તેજ સંચરવું,
ખુશીથી સત્યને ખાતર ગમે તે દુઃખ સહન કરવું.
સમય પર સત્યને ચરણે અરે! આ શિષ પણ ધરવું,
બધાંએ સત્યમાં જીવવું! અને બસ સત્યમાં મરવું.
છે સત્યનો સાથી પ્રભુ! એ સૂત્ર નિઃસંદેહ છે,
છે સત્યમાં સર્વેશ, છે જ્યાં સત્ય ત્યાં સ્નેહ છે."

"એમ? ત્યારે હજુય ત્હારો વિચાર નથી ફેરવાયો કેમ?"

"ના. ના. અને ના. મ્હારા પિતાના પ્રાણની જવાબદાર! ઓ મદાંધ મહારાણી! મ્હારી ભયંકર પ્રતિજ્ઞા સાંભળ! આ વીરધવલની

વીર કુમારી કન્યા વનબાળા આજે ભરી સભામાં સર્વ કોઇની વચ્ચે ભીષ્મ પ્રતિજ્ઞા કરે છે, કે:–એ ગરીબ ભિખારણ, તેની પુત્રી, અને મ્હારા પિતા એ ત્રણેના લોહીમાં પોતાના હાથ ભિંજવનાર, ત્હારા નિર્દય અને ઘમંડી મગજનો પવન જે કોઇ વીરનર નરમ પાડશે, ત્હને બોર બોર આંસુએ રોવડાવશે, તેનેજ મ્હારૂં હૃદય હું અર્પણ કરીશ, મ્હારા હૈયાનો હાર બનાવીશ."

"ત્હારી પ્રતિજ્ઞા ત્હારી પાસે રહેશે. જોઉં છું કે એ કેમ પાર ઉતરે છે ? વિકાળ ! એના હાથપગમાં લોખંડની બેડીઓ નાખો. આજની આખી રાત એને કારાગ્રહમાં ભૂખી ને તરસી પૂરી મુકો. આપણા રાજપૂરોહીતને રાત્રીના બાર વાગે હાજર કરો. યુવરાજ ! તમે પણ તૈયાર થઇ જાવ. આ હઠીલી છોકરીનો હાથ તમારા હાથમાં, અને તે પણ આજેજ રાતના હું આપીશ. જોઉં છું કે પછી એની પ્રતિજ્ઞા કેવી રીતે રહે છે ?"

"મ્હારી પ્રતિજ્ઞા–નિભાવવાની ફીકર મ્હને નથી, પરન્તુ મ્હારા માલીકને છે."

"ત્હારા માલીકની આંખમાં હું ધૂળ નહી નાખું, તો મ્હારૂં નામ લીલા નહી."

"એ કદી નહી બને શેરને માથે સવાશેર દુનિયામાં છેજ. પૃથ્વીમાં હજુ કંઇ કંઈ વીરો પડ્યાં છે. એમાંનો કોઈ પણ મ્હારી પ્રતિજ્ઞા પૂરશેજ."

તથાસ્તુ.

એક ગંભીર અવાજ થયો. લીલા ગભરાઇ. તેણે આમ તેમ જોયું, પરન્તુ કોઈ જોવામાં આવ્યું નહી. વનબાળા પણ ઘડીભર વિચારમાં પડી ગઈ.

*   *   *   *   *   *   *

રાત્રીના દશનો અમલ થયો. મહારાણીની આજ્ઞાથી એક દાસી વનબાળાને માટે લગ્નના વસ્ત્રાલંકાર માંહે મૂકી ગઇ. તેના હાથ પગ છૂટા કરવામાં આવ્યાં.

વખત વ્હેતાં તેની ધીરજનો અંત આવવા માંડ્યો. "મ્હારૂં અહીં કોણ? હું એકલીનું શું ગજું?" તેની આંખો ભરાઈ આવી ધ્રુજતે હાથે તેણે લગ્નના મંગળ વસ્ત્રાભૂષણો ઉંચક્યાં. ત્યાં તો એક બાણ નિરાશામાં—આશાનું તીર કારાગૃહના દ્વારના લોખંડી સળીયામાંથી આવી અંદર પડ્યું. તેને છેડે એક ચિઠ્ઠી બાંધેલી હતી. વનબાળાએ તે ઉકેલી, વાંચી.

> સાવધાન!
> રાતના બાર—
> "વનવીર."

બ્હારવટીઆ વનવીરનું નામ આખું લીલાપુર જાણતું હતું. વનબાળાના નિરાશ હૃદયમાં બ્હારવટીઆ વનવીરનું આ આશાનું તીર સજ્જડ ખૂંપી ગયું.

વિચારમાં ને વિચારમાં સાડા અગીઆર વાગ્યા. વનબાળા આતુર નયને વનવીરની વાટ જોવા લાગી. ત્યાં તો ફરી તેનું હૃદય ભાંગી ગયું. પોતાના લગ્નના વસ્ત્રાલંકારો મૂકી જનાર દાસીના ઝાંઝરનો ઝણકાર ફરી તેને કાને આવ્યો.

"અફસોસ!" ની એક ઉંડી હાય મારી તે જમીન ઉપર બેસી ગઈ. એ આવનાર કોણ હશે?

## પુષ્પ:—૩ જું.

### " કારમી ચીસ. "

વનબાળાના કારાગૃહની પાસે એક દાસી આવી ઉભી રહી. પ્હેરો ભરતાં સિપાઇને સંબોધી તે બોલી.

"જમાદાર ! બારણા ખોલી નાખો. મહારાણી લીલાવતી પધારે છે."

મહારાણી લીલાવતીના નામનો ઉચ્ચાર થતાંજ પહેરેગીરે દ્વાર ખોલી આપ્યા. દાસી એમાં દાખલ થઈ "લાવ ! ત્હારી તરવાર ! મ્હને આપતો જા. તું હવે જા. કારણ? મ્હારાણીની આજ્ઞા છે કે આ છોકરીને શણગાર સજાવી તેમના આવતાં પ્હેલાં મ્હારે, તેને તૈયાર રાખવી."

માથુ નમાવી અને તરવાર આપી પ્હેરેગીર ચાલતો થયો. બાપડા નોકરને શું ? એ તો ચિઠ્ઠીના ચાકર !

દાસીના આ શબ્દોએ વનબાળાના દીલમાં ભયની કંપારી છૂટી. 'પોતાને જોરજુલમથી લગનના લ્હાવાં લેવા પડશે, અને પ્રતિજ્ઞા તૂટશે" એ કલ્પનાએ તે ગભરાઈ. પરન્તુ બીજીજ પળે તેના મગજમાં એક નવીન તરંગ ઉપજ્યો. "દાસીનો ઘાટ ઘડી નાખી ન્હાસી જવાય તો કેમ ! કેવી સોનેરી તક !" અને આ વિચાર તેણે એકદમ અમલમાં પણ મૂકી દીધો.

દાસી તેની તરફ ફરે, તે પ્હેલાં તો વિકાળ વાઘણની માફક વનબાળા તેની ઉપર તૂટી પડી. તેનો હાથ દાસીના માથા ઉપર પડ્યો.

પણ અરે ! આ શું ? દાસીના માથા ઉપરથી વસ્ત્રનો છેડો ઉડી જતાંજ લાંબો ચોટલો નીકળી તેના હાથમાં આવ્યો, જ્યારે દાસી તેના મોઢા સ્હામું જોઈ ખડ ખડ હસી રહી હતી. "શાબાશ ! વનમાળા ! તમે તો મ્હારો વાઘ માર્યો !"

વનમાળા શરમાઇ ગઇ. તેનુ મોઢુ નીચુ નમી ગયું. તે નમ્ર અને મંદ અવાજે બોલી. "ત...મારૂં નામ !"

"બ્હારવટીઓ વનવીર."

બીજીજ પળે તે વીર વનવીરના પગમાં પડી. "તમારૂં વચન પાળો. મ્હને અહીંથી બચાવો. હમણાજ એ શયતાની લીલા અહીં આવી લાગશે."

"બ્હારવટીઆ વનવીરને પડખે તું અભય છે. બાળા !"

"તમે આ વેશે ! અહીં કેવી રીતે આવ્યા ?"

"પહેરેગીરને થાપ આપી હું મ્હારા વચન પ્રમાણે ત્હને બચાવવાનો રસ્તો શોધી રહ્યો હતો, ત્યાં મ્હેં એક દાસીને આ કારાગૃહ પ્રતિ આવતી જોઈ. પછી શું પૂછવું ? એની પાસે બળાત્કારે બધી વાત જાણી લઈ મ્હેં આ—એનોજ સ્વાંગ સજ્યો. હવે જલ્દી કર. આ મ્હારા દાસીના કપડાં તું ઝપાટાબંધ પ્હેરી લે, અને લાવ પેલા લગનના મંગળ શણગાર મ્હને સજાવ. મહારાણી આવે, અને ત્હને મ્હારે માટે પૂછે, તો કહેજે, કે:—'મ્હેં એને ખૂબ સમજાવી પટાવીને લુગડાં પ્હેરાવ્યાં છે. યુવરાજને પરણવાના તે વળી કોને કોડ ન હોય !' પછી એ ત્હને રજા આપશે. તું અહીંથી ઉત્તર દિશામાં જજે. ત્યાં એક વડનું ઝાડ છે. ત્યાં મ્હેં ઘોડો બાંધ્યો છે. લીલાપુરના પ્રસિદ્ધ "જક્ષ-જંગલમાં"

તું થોભજે. ત્યાંજ મ્હારી ગુફા આવેલી છે. તું ત્યાં જઇ મ્હારી વાટ જોજે. આજની રાત ત્હારે બદલે હુંજ લગ્નના લ્હાવા લૂંટી સ્હવારે ત્હને ત્યાં આવી મળીશ."

વનવીરે વનમાળાનો અને વનમાળાએ દાસીનો વેશ પ્હેર્યો. એટલામાં તો બ્રાહ્મણ તથા યુવરાજ રણવીરને લઇ મહારાણી સળગતી મસાલો સાથે ત્યાં આવી પ્હોંચી. જેલના મંદ દીપકનો પ્રકાશ હવે ઝાંખો પડયો. સેવકોને બ્હાર ઉભા રાખી મહારાણી પોતેજ ચાબખો લઇ અંદર પ્રવેશ્યા. "માયા ! કેમ એ શું કહે છે ?" મહારાણીએ દાસી વેશધારી વનમાળાને પૂછ્યું.

"મહારાણી ! વસ્ત્રાલંકાર પ્હેરાવતાં જરા તાણાતાણ તો કરી હતી. પણ હવે કંઇ બોલતી નથી. મરજી તો જણાય છે."

"ન જણાય, તોય શું ? ના પાડે તો તેનો પણ આ ઉપાય હું સાથેજ લેતી આવી છું. હવે...જા...તું બ્હાર જઈ ઉભી રહે."

માથુ નમાવી વેશધારી દાસી વનમાળા ત્યાંથી બ્હાર નીકળી. સેવકોની નજર ચૂકાવી તે પાછલે પગે ન્હાઠી. ઉત્તર દિશાએ બાંધેલો વનવીરનો અશ્વ લઈ તેણે પૂરપાટ "જક્ષ-જંગલ" તરફ મારી મૂકયો.

મહારાણીના કહેવાથી ગોર મહારાજે નવ-વધૂનો છેડો યુવરાજને છેડે ગાંઠયો. વરકન્યાનો હાથેવાળો થયો. વહૂએ ખાસો દોઢ ગજનો લાંબો ઘુંઘટ ખેંચેલો હતો. મહારાણી એનુ મોઢું જોવા ભાગ્યશાળી ન્હોતા થયા

પરન્તુ અરે ! આ શું ? વનવીરના હાથમાં અપાયલો યુવરાજ રણવીરનો હાથ આટલો બધો ધ્રુજતો કાં હશે ? વનવીરને શક પડયો, છતાં સમય વિચારી તે કંઇજ બોલ્યો નહી.

લગ્ન થઈ ગયા પછી રાજપુરોહિતને રજા આપવામાં આવી. કારાગૃહમાં કેવળ વર–વધૂ અને મહારાણી ત્રણુજ જણુ રહ્યાં. તે પછી ગર્વભર્યા શબ્દે લીલા બોલી. "કેમ? ત્હારી પ્રતિજ્ઞા ક્યાં ગઈ? હવે બોલને? મુંગી કેમ થઇ ગઈ?"

છતાં ઘુંઘટવાળી નવ–વધૂ કંઇજ ન બોલી. મહારાણીએ આગળ ચલાવ્યું. "હવે પ્રતિજ્ઞા ઉપર પાણી મૂકી, અમારાં રણુવાસ શોભાવો. કુમાર! ઘુંઘટ ખોલી નાખ."

માતાની આજ્ઞા પાળવા ધ્રુજતે હાથે યુવરાજ આગળ વધ્યો. પરન્તુ તે ઘુંઘટ શું ખોલે! તે પ્હેલાં તો ચાલાક વહુએ વરનો મસ્તક મુકુટ (ફેંટો) ઉતારી નાખ્યો. બ્હારવટીઆની શંકા સમી ગઈ. ફેંટો પાછો માથે ગોઠવતો યુવરાજ એક ડગલું પાછળ હઠયો. પોતાનો છૂપો ભેદ જાણી જનાર વહુને જીવતી મારી નાખવા તૈયાર થઇ ગએલી મહારાણીથી આ ન જોવાયું. તેણે આગળ વધી વહુનો ઘુંઘટ સ્વહસ્તેજ ખેંચી કાઢયો.

"લે. જો. શું જોવું છે? હું ત્હારી વહુ નથી, પરન્તુ બ્હારવટીઓ વનવીર છું."

વનવીરનું નામ સાંભળતાંજ લીલાનું મોઢું ફીક્કું પડી ગયું. તેના હાથમાંથી ચાબખો નીચે પડી ગયો. "ત્યારે વનમાળા...ક્યાં...?" તેના મગજમાંથી સેંકડો વિચારો પસાર થઇ ગયા. જ્યારે બાયલો રણવીર તો એક ખુણામાં ઉભો ઉભો ધ્રુજી રહ્યો હતો. આ બધું જોઇજ રહ્યો હતો.

"અરે! શું જુઓ છો? સેવકો! પકડો આ બદમાશ બ્હારવટીઆને." લીલા કારાગૃહને દ્વારે જઈ બ્હાર ઉભેલા સેવકોને ગર્જી.

"ઉભી રહે. આટલી યાદગીરી લેતી જા. વનમાળાને ભર્યા દરબારમાં ત્હેં જે સપાટો માર્યો હતો, તે ત્હને હું આજ પાછો સોંપુ છું." કહેતાંજ વનવીરે નીચે પડેલો ચાબખો ઉપાડી **શયતાની લીલાના** બરડામાં ઠોકયો.

"ઓ...હા...મરી...ગઇ..." એવી **કારમી ચીસ** નાખી તે નિષ્ઠુર મહારાણી નીચે બેસી ગઈ. બ્હીતાં બ્હીતાં આવી એને યુવરાજે ઉપાડી.

મહારાણીની **કારમી ચીસે** બ્હારના સેવકો ત્યાં દોડી આવ્યા. પરન્તુ વનવીર આગળથી તૈયાર થઇનેજ આવ્યો હતો. તેના તમંચામાંથી એક પછી એક સાત બાર છૂટયા. રાણીના સાતે સેવકો ધરાશાયી થયા. ચાલાક ચોર ચતુર ચતુરાને ઠગી, આવ્યો હતો, એમ ન્હાઠો.

થોડી વારે ત્યાં વનવીરથી લૂટાયલી અને બેહોશ બનાવાયલી દાસી શુદ્ધિમાં આવતાંજ ત્યાં દોડી આવી. મુડદાઓના ઢગલામાં મહારાણીનું બેશુદ્ધ પૂતળું લઇ ઉભેલા યુવરાજનું ભીષણ દ્રશ્ય જોતાંજ તે જ્યાંની ત્યાં ઠરી ગઈ. તેના મોઢામાંથીય એક ભયની **કારમી ચીસ** નીકળી ગઇ. શેરને માથે સવાશેર! તે આનું નામ!

વાંચક! ત્યારે બ્હારવટીઆ વનવીરે યુવરાજ રણવીરમાં એવો તે શું છૂપો ભેદ જોયો? વિચાર કર.

# પુષ્પ:-૪ થું.

## "તમંચાનો બાર."

[ "મોતીની માળા" નવલકથાનું અનુસંધાન. ]

પ્રિય વાંચક ! આ પુષ્પ શરૂ કરતાં પ્હેલાં મોતીની માળાનું છેલ્લું પુષ્પ "લોહીના તરસ્યો" બરાબર યાદ કર !

"પા...ણી...પા...ણી..." મણિલાલના રૂંધાતા કંઠમાંથી માંડ માંડ અવાજ નીકળ્યો.

પરન્તુ પેલા સંન્યાસીના હાથમાં હવે પાણીનુ પ્યાલું ન્હોતું. મણિલાલને ઓળખતાંજ તે તેની ઉપર સિંહની માફક તરાપ મારી કૂદયો. તરફડતા મણિલાલની શકિત હીન થતી હતી. એને નીચે નાખી તેની છાતી ઉપર સંન્યાસી ચઢી બેઠો.

"મ્હારી પુત્રીનુ કૌમાર્યરત્ન લૂંટનાર નરપિશાચ ! આજ લાગે વખતે તું મ્હારા હાથમાં આવ્યો છે. મ્હારા સુખી ઘરતું સત્યાનાશ કાઢવા બદલ આજ હું બરાબર બદલો લઇશ."

"તું...તું...કોણ ?"

"હું ? હું મણિનો બાપ ! મનહરલાલ." (પુષ્પ:-૩જું જુઓ)

લાગે વખતે ફાટી નીકળેલા આ ભયંકર શત્રુનુ નામ સાંભળતાંજ મણિલાલે જીવન-આશા છોડી. વૃદ્ધ સંન્યાસીએ તેના ગળાનો કાકડો દબાવવા માંડયો...

"ઓહ્ ! ઓહ્ ! મ્હને......મા......ફ......"

"મારી ? હવે મારી ? ચોરી કરતાં વિચાર ન કર્યો, પાપમાં પગ મૂકી પારકાના ઘર ભંગાવતા અને સળગાવતાં તું ન ડર્યો. મ્હારી ઇજ્જતનું લીલામ કીધું. મ્હારી એકની એક દીકરીને વ્યભિચારીને અવળે પથે ઉતારી. એને મારી !"

ક્રોધે ભરાયલો વૃદ્ધ શું કરશે ? એ સમજાતું ન્હોતું. એટલામાં બદમાશ મણિલાલ સૂતો સૂતોયે પ્રપંચદાવ રમી ગયો. અંગરખામાં છૂપાવેલું કાતીલ ખંજર ખેંચી કાઢી તેણે ધ્રુજતે હાથે સંન્યાસીના ડાબા પડખામાં ઘોચી દીધું.

ઘાયલ સંન્યાસી "દગો" શબ્દ ઉચ્ચારતાંજ એક બાજુએ ઢળી પડયો, જ્યારે તરસ્યો નરપિશાચ લથડીઆ ખાતો સાધુના ઝુંપડામાં દોડયો. માંહેથી પાણીનું પ્યાલું ભરી તે બ્હાર આવ્યો. તરફડતા સંન્યાસીને બતાવતાં તે બોલ્યો. "લે...જો..." પાણીનું પ્યાલું તેણે હસતા હસતા મોઢે માંડયું.

વૃદ્ધ સંન્યાસીમાં મરતી વખતે જુવાનીનું જોમ ઉછળ્યું. એ વૈરમાં ગાંડો બનેલો સાધુ પોતાના પડખામાંથી ખેંચી કાઢેલું ખંજર એક હાથમાં લઇ બીજે હાથે પડખાનો ઘા દબાવી, અણચિંતવ્યો પાણી પીતા મણિલાલ ઉપર ધસી ગયો. એકજ પળ ! અને સાધુ પોતાનું વૈર વસુલ કરતે, પરન્તુ ઇશ્વરેચ્છા કંઇ ઓરજ હતી.

શયતાનની જીંદગી લાંબી હોવાથી, અને સાધુના દિવસ ભરાઇ ચૂકયા હોવાથી એક અદભુત ઘટના બની. સાધુનો ઉંચો થએલો ખંજરવાળો હાથ એમનો એમ રહી ગયો. એક ભયંકર "તમંચાનો

બાર." થયો. જંગલ આખું કંપી ઉઠ્યું. બીજીજ પળે બદમાશ મણિલાલ ન્હાઠો, જ્યારે સાધુ ગતપ્રાણ થઇ જમીન ઉપર પડયો. તમંચાના બારે નિર્દોષનો શિકાર કર્યો.

થોડી વારે ત્યાં એક ઘોડેસ્વાર આવી પ્હોંચ્યો. પોતાની ગોળાથી એક નિર્દોષ સાધુનું ખુન થએલું જોતાંજ તેની આંખમાં પાણી ભરાયાં. ઘોડાને પાસેના ઝાડ આગળ બાંધી તે સાધુના શબ પાસે દોડયો. ઝુંપડામાંથી પાણી લાવી તેણે સાધુનો જખ્મ ધોઇ, ફેંટો ફાડી એક મજબૂત પાટો બાંધ્યો.

થોડી વારે સાધુ કંઇક શુદ્ધિમાં આવ્યો. એટલે તે ઘોડેસ્વાર વિનયપૂર્વક ગદ્દગદ્દ કંઠે બોલ્યો, "સંતપુરૂષ ! આ અભાગી જીવે આપને બદમાશ મણિલાલ ધારી ગોળી છોડી ઘાયલ કર્યા છે. સંજોગના ભોગ થએલ સંન્યાસી મ્હારાજ ! સેવકની ભૂલને માટે........."

સંતપુરૂષની આંખો ખુલી. ડિટેક્ટીવ દેવેન્દ્ર તરફ જોઇ, તે મંદ અવાજે બોલ્યો. "જેવી...પ્રભુની...ઇચ્છા...તુ...તું...કોણ ?"

"હું ! ખૂની મણિલાલને પકડવા નીકળેલો, ડિટેક્ટીવ દેવેન્દ્ર છું."

"ત્યારે તો...ત્યારે તો...મ્હારી પુત્રીના સમાચાર તમે જાણતા હશો ?"

"તમારી પુત્રી ! તેનું નામ ?"

"કુર્મચંડાળ મણીલાલની પાપી વાસનાનો ભોગ થએલ મણી."

"તેજ અલકા." ડિટેક્ટીવના મ્હોંમાંથી ઉદ્દગાર નીકળી પડયો.

વૃદ્ધે પોતાની ઓળખાણ (મણીના પિતા મનહર તરીકેની) આપી. દેવેન્દ્રે એ વૃદ્ધ સંન્યાસીને તેની પુત્રીનો પુર્ણ અહેવાલ કહી સંભળાવ્યો. તે પછી મણિલાલ સાથે બનેલી ઘટના વિસ્તારપૂર્વક કહેતાં વૃદ્ધ બોલ્યો. "તપાસ કરો. એ હરામખોર હમણાંજ અહીં હતો. હજુ આટલામાંજ હશે."

દેવેન્દ્ર ઉભો થયો. વૃદ્ધને ત્યાંજ પડતો મૂકી તે પોતાનો અશ્વ લેવા દોડયો. પણ અફસોસ ! ત્યાં જઇ તે જુએ છે, તો ઘોડો ન મળે !

એટલામાં તેને કાને વૃદ્ધની છેલ્લી પ્રાણ–પોક સંભળાઇ. તે ફરી ઝુંપડા આગળ આવ્યો. મનહરલાલનો અમર આત્મા આલોકમાંથી ઉડી ગયો હતો. પોતાની ભૂલનો ભોગ થએલ વૃદ્ધની અંતિમ ક્રિયા કરવા દેવેન્દ્ર ન ચૂકયો. જંગલમાંથી કાષ્ટ એકઠા કરી તેણે વૃદ્ધને છેવટનો અગ્નિસંસ્કાર કર્યો.

દરમ્યાન ચીનનો શાહુકાર મણિલાલ દેવેન્દ્રનો ઘોડો ચોરી, ડિટેકટીવને બનાવી પલાયન કરી ગયો હતો. દેવેન્દ્રના મગજમાં એ કલ્પના સહજમાં આવી ગઇ. તે ઘોડાના પગલાં જોતો જોતો જંગલમાંથી આગળ રસ્તો કાપવા લાગ્યો.

આશરે એકાદ માઇલ તે આમ ચાલ્યો હશે, ત્યાં તો સ્હામેની ગુફામાંથી ભયંકર ગર્જના થઈ. દેવેન્દ્રે પિસ્તોલના ઘોડા ઉપર હાથ મકયો. ત્યાં તો મનુષ્યની જેને ગંધ આવી છે, એવો એક જબરજસ્ત વનરાજ સ્હામેની ઝાડીમાંથી છલંગ મારી દેવેન્દ્ર ઉપર ઉછળ્યો. સાવચેત દેવેન્દ્રે લેશ માત્ર પણ ન ગભરાતાં તમંચાનો બાર કર્યો.

પરન્તુ અફસોસ ! બાર ખાલી હતો.

# પુષ્પઃ—૫ મું.

## "ધર્મ કરતાં ધાડ."

જ્યારે પિસ્તોલમાં એક પણ ગોળી ન હોવાની ખબર દેવેન્દ્રને પડી, ત્યારે તેના મનની સ્થિતિ કલ્પવી મુશ્કેલ બની હતી ! છતાં તેણે જીવન-આશા ન છોડી. હજારો ભયંકર જાસુસી પકડી, લાખો વાર મૃત્યુની મુલાકાત મેળવી ચૂકેલો દેવેન્દ્ર એમ હઠી જાય એવો બાયલો ન્હોતો. સ્હામે ઘુરકતા સિંહની સાથે તેણે અંગબળ અજમાવવા હવે બાથ ભીડી.

ઝનુની જંગલી પશુ પોતાના શિકાર ઉપર દાંત પીસી ઉછળ્યું. દેવેન્દ્રને નીચે પટકી, તેણે પોતાનો એક પગ તેની છાતી ઉપર મૂક્યો. છાતી ચીરી નાખવા બીજો પંજો ઉંચકયો. ઘણી જગ્યાએથી ઘવાયલો ડિટેકટીવ અંતે બેહોશ બની ગયો.

દેવેન્દ્રનો જીવન-દીપક વનરાજ બુઝાવી નાખે, તે પ્હેલાં ત્યાં એક ઘોડેસ્વાર આવી પ્હોંચ્યો. ધનુષ્ય ઉપર તીર ચઢાવી તે તીરંદાજે તીર ફેંક્યું. તાકેલું તીર સિંહના ઉંચા થયેલા પંજામાં વાગતાંજ તે લંગડાતો-વનરાજ હવે નવીન આવનાર પ્રવાસી ઉપર ઘુરકયો. પરન્તુ તીરંદાજના ધનુષ્યમાંથી છૂટતાં બીજા તીરે સિંહનું કપાળ વીંધી નાખ્યું. તે હિંસક પ્રાણી લોહીલોહાણુ થઈ જમીન ઉપર આળોટવા માંડયું.

આ ઘોડેસ્વાર રમણી તે બીજી કોઇ નહી, પરન્તુ બ્હારવટીઆ વનવીરની યુક્તિથી ઉગરી ન્હાસી આવેલ નગરશેઠ વીરધવલની વીર

પુત્રી વનમાળા પોતેજ હતી. અશ્વ ઉપરથી નીચે ઉતરી તે મૂર્છાંગત મનુષ્ય પાસે ઘુંટણીએ પડી કોટના કોલર આગળ તેણે એક સુવર્ણ-પદક જોયો. તે ઉપર કોતરેલું હતું, કેઃ—

ડિટેકટીવ દેવેન્દ્ર.
કલકત્તા.

આટલીજ ઓળખાણ એને માટે બસ થઇ થઇ. ઘાયલ ડિટેકટીવને પોતાના ઘોડા ઉપર નાખી એ વનવીરની "જક્ષ-જંગલ"ની ગુફા તરફ જવા દોડી.

અહીંથી જક્ષ-જંગલ બહુ દૂર ન્હોતું. થોડો માર્ગ કાપ્યા પછી બ્હારવટીયા વનવીરની ગુફા દેખાવા લાગી. વનવીરે આપેલી નિશાનીઓ બરાબર મળતી આવતાંજ તે બેશુદ્ધ દેવેન્દ્રને સાવચેતીથી લઇ નીચે ઉતરી. ઘોડાને ચરવા છૂટો મૂકી દીધો. ડિટેકટીવના દેહને વૃક્ષની શીતળ છાંયા નીચે સુવડાવી તે પોતાના પ્હેરેલ વસ્ત્રનો પાલવ પાણીથી ભીંજવી લાવવા સ્હામે દેખાતી એક વાવડીમાં દોડી.

બ્હારવટીઆ વનવીરે વનમાળાને કેવળ ગુફાનો માર્ગજ બતાવ્યો હતો, પ્રવેશદ્વાર તથા માંહેની હકીકત તેણે એકદમ તેને ન્હોતી કહી નાખી. પરોઢના આછાં અજવાળામાં ક્યારનાય કાટી ચુકયા હોવાથી "વનવીર" હમણા આવી લાગશે," એવા ખ્યાલમાં નિશ્ચિત વનમાળા વાવમાં પાણીની તપાસ માટે દોડી.

પરન્તુ આ અવાવરૂ વાવડીનો મહાન ભય તે બાપડીને માલમ ન્હોતો. તે તો દેવેન્દ્રનો જીવ બચાવવામાં આંધળી થઇ ગઇ હતી. જોયા

# (સચિત્ર) પોલાદી પંજો. દ્વિતીય નવલકથા.

પ્રકાશક-શ્રી પ્રાગજીવન પુસ્તકાલય, ટાવર રોડ-સુરત.



માલીકઃ-ઠા. માણુલાલ જીવણદાસ બુકસેલર અને પબ્લીશર-સુરત.

કીંમત બાર આના.

વગર તે વાવડીના પગથીયા ઝપાટાબંધ ઉતરવા લાગી. માંહે સ્વચ્છ પાણી જોતાંજ તેની ઉતાવળ વળી બેવડી થઇ. તેને પોતાને પણ પાણીની તરસ લાગી હતી. ઉતાવળમાં ઉતરતાં ઓઢણીનો ભોંયે રગદોળાતો નીચો છેડો તેના પગના અંગુઠામાં ભેરવાતાંજ તે પગથીયું ચુકી, ઉંધે મ્હોડે અંદર ગબડી પડી. તેનો દેહ જ્યારે વાવડીના કાંઠા ઉપર પડ્યો, ત્યારે પગનો ભાગ પાણીમાં પડ્યો. પગથીયાનો પત્થર માથામાં વાગવાથી તેનું માથું ફુટી ગયું. લોહી વહેવા માંડયું. તેને સ્હેજસ્હાજ ભાન હતું. કષ્ટથી આંસુ ભરતી તે માંડ માંડ બેઠી થવા ગઇ, ત્યાં તો એકદમ પાછી ઉછળી પડી. કોણ જાણે એવું તે શું થયું? કે તેણે એક આંચકા સાથે પોતાનો પાણીમાં પડી ભીંજાતો પગ બ્હાર ખેંચી લેતા એક કારમી ચીસ નાખી. બીજીજ પળે તે બેહોશ થઇ ગઇ.

વાવમાં વાસ કરતા એક ઝેરી જળસાપે તેને પગમાં દંશ દીધો હતો. તે બાપડીને તો "ધર્મ કરતાં ધાડ." આવી પડી હતી.



## પુષ્પ:—૬ ઠું.

### "અજાણ્યો આશક."

જ્યારે ડિટેકટીવ દેવેન્દ્રની આંખો પ્રભાતના અજવાળાએ આવી ઉઘાડી, ત્યારે તે આશ્ચર્યચકિત થને ઉભો થયો. 'પોતાને સિંહના પંજામાંથી કોણે બચાવ્યો હશે ! અહીં કોણ લાવ્યું હશે ?' એવા વિવિધ તર્ક કરતો દેવેન્દ્ર પોતાના જખ્મો ઉપર જોઇ રહ્યો હતો, ત્યાં તેની અત્યંત અજાયબીની વચ્ચે તેની પાસે એક ખાલી ઘોડો ચરતો ચરતો આવી રહ્યો. "મ્હને બચાવનાર મુસાફીરનોજ આ ઘોડો હશે." એમ વિચાર કરી, તેણે તેની લગામ પકડી. એક વખત ગુફામાં જઇ તેને શોધી આવવાનુ મન થયું. ઘોડો ઝાડ સાથે બાંધી તે ગુફાના પ્રવેશદ્વાર પાસે આવ્યો. બારીકીથી અવલોકન કર્યા પછી તેને ગુફાના પત્થરનો મજબૂત દરવાજો ખોલવાની છૂપી કળ હાથ લાગી. તે વડે તેણે દ્વાર ખોલ્યું.

દેવેન્દ્ર અંદર આગળ અને આગળ વધતોજ ગયો. ગુફાની અંદર હરેક પ્રકારની જોગવાઇઓ જોતાંજ તેને તે કોઇ જીવન્ત મનુષ્યના વપરાશની હોવાનો ભાસ થયો. અંદર એક ન્હાનડો બગીચો હતો. નિર્મળ જળાશયના જળે તેણે પોતાના જખ્મોનું રૂધીર ધોઇ નાખ્યું. હાથ મોઢું ધોઇ તે અંદર કોઇ હોય ! તો તેને શોધવા દરેક ખુણેખુણા ફરી વળ્યો. પણ અંદર કોઇ પણ માણસ નથી " એમ તેની ખાત્રી થઇ.

તે પાછો બ્હાર નીકળ્યો. બ્હાર પણ કોઈ દીઠામાં આવ્યું નહી. ઘોડો હજુ એમને એમ બાંધેલો હતો. થોડી વાર વિચાર કર્યા પછી દેવેન્દ્ર ઘોડા ઉપર બેસી ઘર તરફ વળ્યો.

તેને મયાને ભાગ્યેજ થોડી વાર થઇ હશે, ત્યાં તો એક નૂતન ઘોડેસ્વાર તે જગ્યાએ આવી પહોંચ્યો. આમતેમ બારીકાઇથી અવલોકન કરતાં તેની નજર વાવ પ્રતિ જતી કોઈ રમણીના પગલાં તરફ પ્રથમ પડી. તે નીચે ઉતર્યો. જિજ્ઞાસુ એવો તે એ નિશાનીની પૂઠે પૂંઠે છેક વાવમાં ઉતર્યો.

પરન્તુ માંહે શું જોયું ? વનબાળાનું અર્ધ-ઉઘાડું બેશુદ્ધ અંગ ! સત્વર નીચે દોડી તેણે યુવતીનું માથુ ખોળામાં લીધું. નાક આગળ આંગળી ધરતાં કંઇક ઉષ્ણતા માલમ પડી. એવામાં તેની નજર માથા ઉપર ગઇ. વાવડીના નિર્મળ જળે માથાનો ઘા ધોઈ તેણે રૂમાલનો મજબુત પાટો બાંધ્યો.

સહસા તેના અંગની કાન્તિ નિરખતાં તેની ચપળ આંખ ડાબા પગના અંગુઠાના દંશ પ્રતિ વળી. રૂધીરનું ટપકું, અને લીમો કાચી કેરી જેવો અંગનો એ છુંદણા સમો ભાગ જોતાંજ તેના મગજમાં વળી કંઈ નવીનજ કલ્પનાએ સ્થાન લીધું. એટલામાં વાવડીના જળસાપે પોતાનું મોઢું બ્હાર કાઢયું. આવનારે આ જોયું. યુવતીને સર્પ દંશ્યો છે, એ જાણતાંજ તે નાચો દજ્યો. દંશવાળા ભાગ આગળ મોઢું રાખી તેણે ઝેર ચૂસી લીધું. થુંકી નાંખ્યું.

વનબાળાને પોતાની બે પ્રચંડ ભુજાઓ ઉપર ફૂલની માફક ઉઠાવી તે બ્હાર આવ્યો. "આ રમણી-રત્નને લઇ ક્યાં વિસામો લેવો ?" એ વિચારમાં તે હતો, ત્યાં તો અનાયાસ પેલી ગુફા પ્રતિ તેની નજર પડી. ખુલ્લા પ્રવેશદ્વાર વાટે તે વનબાળાને લઇ અંદર પ્રવેશ્યો.

અંદરની રચના નિહાળતાંજ તે અજાયબીમાં ગર્ક થઈ ગયો. આ વનબાળા અહીં તો નહી રહેતી હોય ! 'કોણ હશે ?' વગેરે તર્ક

કરતાં તેણે તેને એક સુન્દર પલંગમાં સુવડાવી. પોતે પાસે બેસી તેને વાયુ ઢોળવા લાગ્યો.

પરન્તુ ઝેરની અસર એમ એકાએક ઉતરવી મુશ્કેલ હતી. તેની આંખો બહુ વાર થઈ છતાં ન તે નજ ખુલી. છતાં આવનારની આંખો તેના કામણગારા સૌન્દર્ય ઉપર ઠરી ગઇ હતી. એટલે કે:–ઉગારનાર વનબાળા ઉપર આશક પડયો હતો.

બહુ વાર થયા છતાં જ્યારે એ રૂપસુન્દરીએ પોતાના નાજુક નયનો ન ઉઘાડયા, ત્યારે એના રક્ષકની ધીરજ ખૂટી ગઇ. એ અજાણ્યો આશક પોતાના મનની માની લીધેલી એક પવિત્ર બાળાને–માશુકને પતિત કરવા, પોતાની હૃદયની તૃષા છીપાવવા, તેના કાન્તિમાન કુમારાં વદન પ્રતિ નીચો વળ્યો. શા માટે ? એક મીઠી ચુમીની આશાથી !

પણ અરે ! આ શું ! કુમારી વનબાળાનું કૌમાર્ય ભાંગે, તે પ્હેલાં તો પ્રભુએ તેને બચાવી લીધી. સરરરર અવાજ કરતું એક સ્હામેનું ગુપ્ત દ્વાર ઉઘડી ગયું. એક કાળા વસ્ત્રથી ઢંકાયલી પ્રચંડ વ્યક્તિએ આવી એ ભ્રષ્ટ દાનતના રક્ષકના ખભા ઉપર પાછળથી હાથ મૂકયો.

"સબૂર ! ઓ અજાણ્યા આશક !"

રક્ષક ચોંકયો. તે ઉભો થઈ ગયો. "કોણ ?"

"આ ગુફાનો માલીક. બ્હારવટીઓ વનવીર." જવાબ મળ્યો.

વખત વિચારી રક્ષક બ્હારવટીઆને ભળી ગયો. પોતે કેવી રીતે આ છોકરીને બચાવી હતી, તે વાત તેણે વનવીરને કહી સંભળાવી. વનવીરે વનબાળાના એ રક્ષકનો હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું. "ઓ અજાણ્યા આશક ! આ કુમારી કન્યા...કોણ છે ? તે તું જાણે છે ?"

"નહી"

વનવીરે તેને વનમાળાની ઓળખાણ આપતાં સાથે સાથે પરણવાની પ્રતિજ્ઞા પણ કહી સંભળાવી. "એને મેળવવી હોય તો એની પ્રતિજ્ઞાની પૂર્ણાહુતિ કરો."

એક બ્હારવટીઆનું કેટલું નિખાલસ દીલ! તે પોતે વનમાળાને ઉમરથી ચ્હાતો હતો, છતાં પણ એક અજાણ્યા આશકને તેણે નિરાશ ન કર્યો. વિશ્વમાં આવાં ઉદાર પ્રેમી બહુ ઓછાં!

મહારાણી લીલાવતીને બનાવી આવેલા બ્હારવટીઆએ જ્યારે ગુફા આગળ આવી પોતાને આપેલા અશ્વને બદલે કોઇ બીજોજ અશ્વ જોયો, ત્યારે તેની ચિન્તામાં વધારો થયો. વિશેષમાં તેણે પોતાનું ગુપ્તદ્વાર ઉઘાડું જોયું. નક્કી કોઇ માણસ પોતાની ગુફામાં છે, એમ અનુમાન કરી તે ગુપ્ત વાટે અંદર દાખલ થયો. અને કુમારી વનમાળાને પતિત થાતાં બચાવી લીધી. પરન્તુ રક્ષકે "પ્રવેશદ્વાર હું આવ્યો. ત્યારે ખુલ્લુંજ હતું." એમ જણાવ્યું, ત્યારે તેને વ્હેમ પડ્યો. "નક્કી કોઇ ત્રીજો માણસ પણ આ મ્હારી ગુફાનો ભેદ જોઇ ગયો લાગે છે. વનમાળાને ફસાવી તેનો અશ્વ હરણ કરનાર કદાચ એજ વ્યક્તિ હોય!" એવી એવી કલ્પના તેના મગજમાં આવતાં વાર લાગી નહી.

તેણે પોતાના કમરપટ્ટામાંથી એક મ્હોરો કાઢ્યો ડંખના ભાગ ઉપર વળગાડ્યો. ઝેર તમામ ચુસાઇ જતાં વનમાળાએ આળસ ખાઇ અંગ મરોડી આંખો ખોલી, તો પાસે ડિટેક્ટીવ દેવેન્દ્રને બદલે વનવીર ઉભેલો હતો.

"ઓહ! તમે તો આવી પહોંચ્યાને શું!" બોલતાંજ તે પોતાને પડખે બેઠેલા વનવીરને સ્નેહાલિંગન આપવા ઉઠી. ત્યાં તો વનવીર બે ડગલાં પાછળ હઠી ગયો.

"વનમાળા ! તમારી પ્રતિજ્ઞાની પૂર્ણાહુતી ન થાય, ત્યાં સુધી તમારે અખંડ કૌમાર્યવ્રતનું પાલન કરવાનું છે."

વનમાળા પાછી પડી. પોતાની પ્રતિજ્ઞા તેને સાંભરી. પાસે ઉભેલા રક્ષક પ્રતિ આંગળી ચીંધી તે બોલી, "આ કોણ ?"

"એ ત્હને મૃત્યુના મ્હોંમાંથી ઉગારનાર, મ્હારા જેવો એક અજાણ્યો આશક ! " કહી વનવીરે તેને તમામ ઇતિહાસ નિવેદન કર્યો. વનમાળાએ પણ પોતે રસ્તે આવતાં શી શી મુશ્કેલીઓ વેઠી હતી, તેનું બ્યાન કર્યું. તે પછી તે બોલી.

"ત્યારે તો દેવેન્દ્ર મ્હારો ઘેડો લઈ ગામમાં ગયા હશે ?"

"એમજ."

"વનમાળા ! તું હવે અહીં સુખેથી રહે. હું અને આ વીરપુરૂષ અમે બંને ત્હારી પ્રતિજ્ઞાના પાલનાર્થે નીકળીએ છીએ. અમારા બંને હરીફોમાંથી જે કોઈ વિજયી થશે, તેજ ત્હને વરશે."

"પરન્તુ હું એકલી અહીં ક્યાં સુધી રહીશ ?"

"અહીં જરા પણ ભય નથી, અને જ્યારે ભય જેવું કંઇક લાગે ત્યારે જો...આ રહી...આ કળ દાબજે. ત્હારૂં જરૂર રક્ષણ થશે. હું ત્હને આજે મધ્યરાત્રે બે વાગે આવી અહીં મળીશ." વનવીરે આટલી વાત તેના કાનમાં છૂપી રીતે કહી.

"બહુ સારૂં."

વનમાળાનો હાથ મેળવવા હવે બે હરીફો બહાર પડયા હતા. વનવીરે પેલા રક્ષક, પોતાના હરીફ પ્રતિ જોઇ કહ્યું, " કેમ ! તમે પણ ચાલશોને ?"

"જરૂર."

"અને તો રાતના બે વાગે આવી મળજો."

"જોઇશું." બંનેએ ઘોડાઓ ઉપર સ્વારી કરી.

"અરે થોભો ! મ્હારા જીવન-રક્ષકનું નામ તો મ્હને જાણી લેવા દયો." વનબાળા વચ્ચે બોલી.

"બરાબર છે. ભાઇ ! તમારૂં નામ ?"

"મ્હારૂં નામ મણિલાલ."

"સાહેબજી." શબ્દની સાથેજ સલામ કરી બંનેએ જુદી જુદી દિશામાં પોતપોતાના ઘોડા મારી મુકયા. વનબાળા તેમને જતા જોઈ રહી.

વાંચક ! આ ખૂની બદમાશ મણિલાલને તો ત્હેં હવે ઓળખ્યોને ? એ કંઇ મહારાણી લીલાવતીને પકડી લાવવા ન્હોતો જતો. કારણ ? તે જાણતો હતો કે વનબાળા વનવીરને ચ્હાય છે, અને પોતાના હાથમાં એ કદાપી આવનાર નથી. પણ મૂર્ખને ન્હોતી ખબર કે વનવીરનું હૃદય કેટલું સાફ છે ? જયારે મહારાણીના દીલમાં કેટલું પાપ છે !

મણિલાલ વનબાળાને પોતે પરણવા માગતો હતો. બ્હારવટીઆ વનવીરને પકડાવી આપી મ્હોટું ઇનામ ખાટવાની આશા રાખનાર મણિલાલને એ ખબર ન્હોતી કે મહારાણી વનબાળાને ઓળખે છે. એટલુંજ નહી પણ પોતાના યુવરાજ સાથે તેને પરણાવવા માગે છે. એ અજાણ્યો આશક ! તો આંધળો બની ગયો હતો.

દુનિયાને ઠગનાર બદમાશ ઠગ-ખેલાડી પોતાને હાથે પોતેજ ઠગાવા જતો હતો. એનું નામ તે ઇશ્વરી-સંકેત !

# પુષ્પ:–૭ મું.

## "યાદ રાખ."

"પ્રિયા! હવે તો હદ થઇ. દેવેન્દ્રબાબુની તપાસ મ્હારે હવે કરવીજ જોઇએ"

"ત્યારે તમે જશો?"

"જરૂર. ત્હારે ગભરાવાની કશી જરૂર નથી. હું થોડાજ સમયમાં દેવેન્દ્રબાબુની તપાસ કરી પાછો ફરીશ."

"વ્હેલા આવજો."

"ફિકર નહી."

મનોરમાની રજા લઈ મંજુલાલ દેવેન્દ્રની શોધમાં નીકળ્યો. મનોરમા હવે આખા ઘરમાં એકલી હતી. તેને ઘરમાં ગોઠતું ન હતું. "હુંયે મ્હારા નાથને મદદ કેમ ન કરી શકું?" એ વિચારે તે પોતાના શૃંગારખંડમાં ગઈ. પોતાના પતિનો પુરૂષવેશ પેટીમાંથી કાઢી તે પ્હેરવા તેણે તૈયારી કરવા માંડી.

એટલામાં તો બારી વાટેથી એક કદાવર વ્યક્તિ તે ઓરડામાં કુદી પડી. એક પણ અન્ય શબ્દના ઉચ્ચાર વિના તે વ્યક્તિએ મનોરમાનો જમણો હાથ પકડયો. "મનોરમા! કહે ડિટેક્ટીવ દેવેન્દ્ર ક્યાં છે? શું કરે છે?"

"ત...મે કોણ...મ્હારા..."

"ચૂપ કર! બેવકુફ છોકરી! પ્હેલાં બતાવ કે એ મ્હારો દુશ્મન ક્યાં છે?"

"તમને પકડવા ગયા છે, તે હજુ નથી આવ્યા."

"અને મંજુ !"

"એ પણ હમણાજ બ્હાર ગયા."

"તેને મોકલનાર તું કે કોઈ બીજું ? સગા બાપ સાથે છળ-કપટ ! બસ. હવે ત્હને એક ઘડી પણ જીવતી રાખવા હું નથી માગતો. ઓ પિતૃદ્રોહી છોકરી ! ચાલ મરવાને તૈયાર થઈ જા." નિર્દય પિતા મણિલાલે પુત્રી મનોરમાને રસ્તામાંથી સાફ કરવા તીક્ષ્ણ કટાર ખેંચી કાઢી.

"ઓ ! ઓ ! પિતા ! પિતા ! મ્હને ન મારો. હું તમારી પુત્રી છું."

"પરન્તુ પિતાના દુશ્મનને પરણેલી છે. પિતાનું કાસળ કાઢી નાખવા માગે છે. મ્હારા રસ્તામાં તું કાંટા પાથરે છે. તું મ્હારી દીકરી નથી પણ દુશ્મન છે.

ગુંથે દગાની દોર તું પુત્રી ! પકડવા બાપને,
જાણો બિછાવે ઝાલવા દરરોજ ઝેરી સાપને.
પાસા અમે તે નાખ, પણ મ્હારાજ જો પોબારછે,
કળિયુગમાં પાખંડીઓનો પ્રથમ બેડો પાર છે."

"નહી. નહી. તમે આ ખોટો રસ્તો છોડી દયો. દીકરીના લોહીમાં હાથ ભિંજવી તમે કયે જન્મે છૂટશો !"

"પૂર્વજન્મની પંચાતમાં હું અત્યારે પડવા માગતોજ નથી. છતાં જો ત્હારે જીવવું હોય તો...એકજ રસ્તો છે."

"અને તે !"

"મ્હેં ગ્રહણ કર્યો છે તે. મ્હારી સાથે આવ. મ્હારા કામમાં પત્થર નાખવા કરતાં ઉલ્ટું મયદાન સાફ કરવામાં મ્હને મદદ કર."

"તમારા પાપકર્મમાં તમે મ્હને પણ ભાગીદાર બનાવવા માગો છો ? એ તો નહી બને.

શયતાનને માથે ગુરૂ મ્હારે પિતા ! કરવો નથી,
ગમતું નથી ગોવિન્દને જે ! ત્યાં ચરણ ભરવો નથી.
મોંઘુ જીવનનું મૂલ્ય આ હાથે કરી હણવું નથી,
પાપી તમારી પાઠશાળામાં મ્હને ભણવું નથી.

તમારા પાખંડના પોથાંઓ તમારી પાસેજ રાખો. તમનેજ મુબારક હો !

પરોઢે પ્રાણ...પંખીડું ગમે ત્યારે ઉડી જાશે,
જીવનનૌકા જગત્‌માંથી ગમે ત્યારે બુડી જાશે;
જુવાની, જીંદગાની બે ઘડીમાં એ જતી રે'શે.
ઉઘાડો આંખ મીંચીને ફરી ત્યાં તો પતી રે'શે.

તો પછી કેટલા વખતને માટે આવાં કાળા ધોળા કરવાં ?

સિતારો ભાગ્યનો સીધો રહીને ક્યાં સુધી રે'શે ?
પ્રવાહો પાપના બાપૂ ! વહીને ક્યાં સુધી વ્હેશે,
દયાસિન્ધુ ! સિતમ આવાં સહીને ક્યાં સુધી રહેશે !"
અબુલાલઃ—ભલે લોકો કહે લુચ્ચો કહીને ક્યાં સુધી કહેશે !"

"ક્યાં સુધી ? મરશો ત્યાં સુધી."

"બસને. ત્યારે સાંભળ. મૃત્યુ જેવી કોઇ વસ્તુજ નથી. દુનિયાને તો હું ઠોકરે મારૂં છું. અને પરમાત્માની તો હું પ્હેલેથીજ પરવા કરતો નથી.

કરનાર સઘળું હુંજ છું બસ હું કરૂં તે થાય છે,
ઇશ્વર-ભરોસે બેસી રહેનારાં બગાસા ખાય છે.
ભાવિ-ભરોસે વ્હાણુ હંકારાય, ડૂબી જાય છે,
પુરૂષાર્થની સમશેરથી આખું જગત્ જીતાય છે."

"પરન્તુ આ કયા પ્રકારનો પુરૂષાર્થ ? એનો પ્રકાર તો જરા જુઓ. બાપૂ ! જન્મીને જગતમાં સાથે શું લઇ જવું છે ? શું મૂકી જવું છે ?

સારી નઠારી નામના મૃત્યું પછી મૂકી જવી !
લાવ્યા નથી ને લઇ જવાના પણ નથી વસ્તુ નવી.
બે પાપ તેમજ પૂણ્યના પુસ્તક ઉપાડી ચાલવું,
છેલ્લી વખત બીજુ કશું પડતું નથી સંભાળવું.

ખાલી હાથે આવેલાંને...ખાલી હાથે સર્વ જનાર,
મ.લાવી મુસાફીરખાનું...પરોઢીએ ખાલી કરનાર.

એવી બે દીવસની મહેમાનીમાં આવી નઠારી દાનત ! પિતાજી મ્હને માફ કરો. હું તમારી સાથે નથી આવી શકતી. તમારા વિચાર સાથે નથી સંમત થઇ શકતી.

તમારી જીંદગી ઝેરી...ભલે તમને મુબારક હો !
અમારી જીંદગી સાદી ! સદા અમને મુબારક હો !
અમારો પંથ છે સવળો...તમારો પંથ ઉંધો છે,
અમારો પંથ જુદો છે...તમારો પંથ જુદો છે."

"ભલે રહો. મનોરમા ! ત્હારી જીદનું પરિણામ જોવા હવે તું તૈયાર થા." નિર્દય પિતાએ પુત્રીને એક હાથે ભીંત સાથે મજબૂત

દાબી બીજે હાથે કટાર તેની છાતીમાં ભોંકવા ઉંચી કરી. શયતાન બાપના હાથમાંથી બચવા તે ચીસેચીસ પાડવા લાગી.

"યાદ રાખો. પિતાજી!

જગત્ છોડે ભલે તમને, પ્રભુ તમને નહી છોડે,
દયાળુ દેવતા નક્કી દુઃખીની વ્હાર પર દોડે."

"કયાં છે! કયાં છે ત્હારો એ ભગવાન! મ્હને જોવો છે. બતાવ...

કયાં ગયો કિરતાર ત્હારો? કયાં રહ્યો? કે' કયાંછ એ?"
'જો જો બરાબર આંધળા! એ આ રહ્યો, અહીંયાજ છે.'

છેલ્લી લીટી બોલતો એક કદાવર બાંધાનો યુવક ત્યાં ધસી આવ્યો. તેની પિસ્તોલમાંથી એક ગોળી પણ છુટી ચૂકી હતી. પરન્તુ અફસોસ! એ ગોળી પોતાનું કામ કરે, તે પ્હેલાં મનોરમાની છાતીમાં ખૂની બાપની કટાર ઘોંચાઇ ચૂકી હતી. બદમાશ બારીમાંથી કુદકો મારી બ્હાર રાખેલા ઘોડા ઉપર બેસી આંખના પલકારામાં અદ્રશ્ય થઈ ગયો હતો.

નવીન આવનાર યુવક ખૂનીની પૂંઠે ન પડતાં ઘાયલ સુન્દરીની પાસે આવ્યો. પરન્તુ અફસોસ! મનોરમાના મ્હોંમા ખૂનીનું નામ દેવા હવે જીભ ન્હોતી રહી. તે બાપડી આ દુનિયા છોડી ગઈ હતી.

મહારાણી લીલાને પોતાનો હાથ બતાવવા જતો બ્હારવટીઓ વનવીર મનોરમાની ચીસ સાંભળીને અત્રે આવી પ્હોંચ્યો હતો. પરન્તુ બાજી જરાને માટે બગડી ગઇ. ખુનીનું મોઢું જોવા તે ન પામ્યો.

મનોરમાની છાતીમાં ઘોચાયલી કારી કટાર તેણે બ્હાર ખેંચી કાઢી. આમ તેમ તપાસી આ બાબતની ખબર પોલીસને કરવા તેણે દ્વાર એક આંચકા સાથે ઉઘાડી નાખ્યું. પરન્તુ અરે! આ શું? ભરેલી પિસ્તોલ સાથે અંદર ડિટેકટીવ દેવેન્દ્ર સ્હામેથીજ આવી પ્હોંચ્યો.

ઘાની વેદનાને લઈ અશક્ત દેવેન્દ્રને આવતાં વાર લાગે એ સંભવિત હતું. ઘર પાસે આવતાંજ તેણે એક બ્હાર અશ્વ ઉભેલો જોયો. પોતાના મકાનમાં કોઇ છે, એમ ભાસ થતાંજ તેણે પિસ્તોલ હાથમાં લીધી. નિર્દોષ બ્હારવટીઓ સપડાઈ ગયો (જો કે પોતાની પિસ્તોલ ખાલી છે, એમ તે સારી પેઠે જાણતો હતો, છતાં વનવીરને પકડવામાં તે ફાવ્યો હતો—બ્હારવટીઆને તેણે ખાલી પિસ્તોલનીજ બ્હીક બતાવી હતી.)

અંદર જતાંજ મનોરમાનું લોહીલોહાણ શરીર દેવેન્દ્રે પડેલું જોયું. તેની આંખોમાંથી અગ્નિ વરસવા લાગ્યો. "ઓ ખૂની ! ત્હારૂં નામ ?"

"બ્હારવટીઓ વનવીર નિર્દોષના ખૂન કદી કરતોજ નથી."

"વનવીર"નું નામ સાભળતાંજ દેવેન્દ્ર વધુ ચોંકયો. "ત્યારે ખૂની કોણ છે ?"

"તેની મ્હને કંઇજ ખબર નથી."

"તું અહીં શા માટે આવ્યો ?"

"નસીબ ખેંચી લાવ્યું."

વનવીર દેવેન્દ્રને સારી રીતે ઓળખતો હતો. પોતાની ઉપરનો આરોપ એમ સહજમાં ન ટળે એવો હોવાથી તે કંઇજ બોલ્યો નહી. એક હાથે પિસ્તોલ સ્હામી ધરી બીજે હાથે દેવેન્દ્રે ટેલીફોનનું ભુંગળું મોઢા આગળ ધર્યું.

* * * *

થોડા વખતમાં પોલિસો ત્યાં આવી પ્હોંચ્યા. બ્હારવટીઆ વનવીરને તેઓએ કેદ કર્યો. વનવીરે પણ કંઇજ તોફાન કીધું નહી. દેવેન્દ્ર બોલ્યો. "આલો એને ઘોડા ઉપર બેસાડી લીલાપુર લઈ ચાલો. હું હમણાંજ તમારી પાછળ આવું છું."

ઘોડેસ્વારો વનવીરને લઈ લીલાપુર ચાલતા થયા. વનવીરને પણ એજ જોઈતું હતું–ત્યાંજ જવું હતું.

દેવેન્દ્રે બ્હારવટીઆને લીલાપુર લઇ જવા શા માટે કહ્યું ? વાત એમ હતી કે લીલાપુરની મહારાણી લીલા તરફથી બ્હારવટીઆ વનવીરને પકડી લાવવાનું કામ દેવેન્દ્રને સોંપાયું હતું. તે ઉપરાંત એ કાર્ય માટે એક મ્હોટું ઇનામ પણ જાહેર કરવામાં આવ્યુ હતું.

દેવેન્દ્ર ત્યાં થોડી વાર બેઠો. મનોરમાના અકાળ મૃત્યુ ઉપર તેણે બે આંસુ વેર્યાં. ત્યાં તો નિરાશ પતિ મંજુલાલ દાખલ થયો. પછી એના હૃદયફાટક કલ્પાંતની કલ્પના વાંચક બંધુ ! ત્હનેજ સોંપી.

મનોરમાના શબની સંપૂર્ણ વ્યવસ્થા કરી પત્નીનું વૈર લેવા પોતાની પાછળ લીલાપુર આવી પ્હોચવા મંજુને કહી દેવેન્દ્ર લીલાપુર ઉપડયો.

* * * *

લીલાપુરના દરબારમાં આજે બ્હારવટીઆ વનવીરનો ન્યાય થવાનો હતો. મહારાણીની જમણી બાજુએ ડિટેકટીવ દેવેન્દ્ર અને ડાબી બાજુએ એક નવીન વ્યક્તિ ઉભેલી હતી.

યોગ્ય સમય થતાં બ્હારવટીઆ વનવીરને હાજર કરવામાં આવ્યો. ડિટેકટીવ દેવેન્દ્રને ઇનામ આપતાં શયતાની લીલાએ વનવીરને જીવતો સળગાવી મૂકવાની ભયંકર સજા કરી.

વનવીર ખડ ખડ હસી પડયો. ત્યાં તો પત્નીના ખુનથી દિવાનો બનેલો મંજુ દરબારમાં દોડી આવ્યો " થોભો મ્હને મ્હારી પ્રિયાનું વૈર લેવા દયો."

વનવીરની ઉપર ખંજર લઈ તે ઉછળ્યો. પરન્તુ અફસોસ ! તેની ધારેલી ધારણા ધૂળમાં મળી. સુસવાટો મારતું તીર દિવાના મંજુની છાતી ચીરી જોતજોતામાં આરપાર નીકળી ગયું. સભા સર્વ જોતી રહી.

અધીરો આશક મંજુલાલ મનોરમાને મળવા સ્વર્ગના કમાડ ખખડાવી રહ્યો. આંખના એક પલકારામાં આ બધું બની ગયું.

દેવેન્દ્રે એ તીર મારનારને શોધવા પાછળ નજર નાખી, ત્યાં તો એક બીજું તીર સુસવાટા મારતું અંદર આવી પડ્યું. એની સાથે એક ચિઠ્ઠી બાંધેલી હતી. દેવેન્દ્રે તે ઉઘાડી વાંચી. અંદર બેજ શબ્દ હતા.

**યાદ રાખ!**

ક્રૂર વનવીર પોતે પણ આ નવીન ઘટનાથી તદ્દન અજાણ્યો હતો. ત્યાં તો એક ત્રીજું તીર આવી પડ્યું. તેની સાથે બંધાયલી ચિઠ્ઠીમાં લખ્યું હતું કેઃ—

**નિર્દોષ છે.**

દેવેન્દ્ર કંઈજ ન સમજ્યો. એટલામાં વનવીરની નજર શયતાની લીલાને પડખે ઉભેલી એક ધ્રુજતી નવીન વ્યક્તિ ઉપર પડી. નજર ચુકાવી તે દેવેન્દ્રને થાપ આપી તેને પકડવા દોડ્યો. એક બે સેવક છટકેલા વનવીરને પકડવા આગળ વધ્યા, પરન્તુ પેલા અદ્દભુત રીતે છૂટતા તીરોએ તેમને ઠેકાણે પાડયા.

શયતાની લીલા એક બાજુ ખસી ગઈ. જ્યારે બ્હારવટીઓ વનવીર સૌ સાંભળે એમ ગર્જના કરી બોલ્યો. "જેને આવવું હોય તે મ્હારી પાછળ આવો. મનોરમાનો ખૂની આ રહ્યો"

પરન્તુ કોની હીંમત કે એની પાછળ જાય? કેવળ સાહસિક ડિટેક્ટીવ દેવેન્દ્ર એની પાછળ દોડ્યો.

વાંચક! વિચાર કર! આ ભેદી તીર મારનાર વ્યક્તિ કોણ?

# પુષ્પઃ–૮ મું.

## " સાવધાન. "

—: ગાયન :—

પોપટ ! તન–પિંજર છે નહી ત્હારૂં, અંતે ઉડી જવું પરબારૂં. પોપટ.

પરાધીન તે સ્વાધીન મૂર્ખા ! માની બેઠો મ્હારૂં,
ક્યાંથી આવ્યો ? ક્યાંથી લાવ્યો ? એ સમજે તો સારૂં. પોપટ.

હાડ માંસ રૂધીર દુર્ગંધી નર્ક સમાન નઠારૂં,
અમૃતમય માનીને બેઠો એવડું શું અંધારૂં ? પોપટ.

પળમાં એ પડનારૂં પણ છે ભવસાગરનું બારૂં,
કેશવ કારીગર ઘડનારો. એને બસ સંભારૂં. પોપટ.

મહારાણી લીલાવતી મ્હેલની અટારીએ ઉભી હતી. નીચેથી કોઈ એક સંન્યાસી ઉપરોક્ત સગીત લલકારતો ભિક્ષા માગી રહ્યો હતો. સંગીત પૂરૂં થતાંજ સાધુએ ઉપર જોયું. તેની આંખો મહારાણી ઉપર ઠરી તે બોલ્યો.

" માઈ ! ભિક્ષા દે. !"

મહારાણીનો મિજાજ ગયો. નીચે ઉભેલા પ્હેરેગીરને બૂમ મારી તેણે કહ્યું, "આ બામટા સંન્યાસીને ધક્કો મારી અહીંથી દૂર કાઢ."

૧૨ ચિત્રો સાથે. ......શ્રી.....

# માલવપતિ રાજા ભરથરી સચિત્ર



પ્રકાશક–શ્રી પ્રાણજીવન પુસ્તકાલય. ટાવર રોડ–સુરત.

માલિક–ડા. પ્રાણલાલ [illegible] બુકસેલર અને પબ્લીશર–સુરત.

(આવૃત્તિ–[illegible]) કીંમત આઠ આના. ([illegible])

સિપાઈદાદા વિફર્યા. સંન્યાસીનું ભિક્ષાપાત્ર ફોડી નાખી તેણે ધક્કો મારી તેને દૂર ફેંકી દીધો. પ્રભુનો લાલ એવો એ સંતપુરૂષ બોલ્યો.

ઉંચી અટારીએ ઉભી રહી આજ તું હરખાય છે,
પણ કાલની કોને ખબર ? કેવી દશા થઈ જાય છે ?
મસ્તી અને મ્હોટાઇ આ ઉતરી જવાની સ્હેજમાં,
અંજાવ નહી ઓ આંધળા ! આ બે ઘડીના તેજમાં.
આજે અમારા હાલ પર ઉંચે ઉભા રહીને હસો,
પણ એક દિન તમનેય મળશે આ અમારો વારસો.

માયાના ભરોસા શા ? મ્હોટાઈના તે વળી અભિમાન શા ?

કોનું ધાર્યું થાય છે ? કોણ કરે તે થાય ?
કર્મ કરે તે થાય છે. રંક અગર તો રાય."

લીલાવતીને સાધુના શબ્દોથી અંગેઅંગ જ્વાળા ઉઠી. તેણે નીચે ઉભેલા સેવકને આજ્ઞા કરી. "એને ઉપર લાવ."

આજ્ઞાનો અમલ તુર્ત થયો. સાધુને ઉપર આણવામાં આવ્યો. લાલચોળ આંખે લીલાવતી તેને કહેવા લાગી. "શું ત્હારૂં એમ માનવું છે ? કે મનુષ્ય કંઈજ કરી શકતો નથી."

"નહી. મહારાણી નહી.

આ પંચ ભૂતનું પૂતળું (ની) ચાવી પ્રભુના હાથમાં,
નાચી રહ્યું આખું જગત્ નિર્મળ જગતના નાથમાં;
નેતા અમારો એ અમે તો એમના હથીયાર છે,
ખાલી તમંચા આપણે બાકી પ્રભુના બાર છે."

"બીજે બધે કદાચ એમ હશે. બાકી આ લીલાપુરમાં તો આ લીલાજ પોતાનું ધારેલું કરી શકે છે."

"જનેજ નહી. ઇશ્વિરી નિયમમાં અપવાદને સ્થાનજ નથી. એ તો તમામને એક સરખોજ લાગુ પડે છે.

અધિકાર ને અભિમાનથી આંખો તમારી બંધ છે,
હલકા તમારા દીલમાં મગરૂરતાની ગંધ છે.
પડદા હઠાવો પાપના...નિર્મળ પછી આકાશ છે,
મ્હારા તમારામાં બધામાં શ્રી હરિનો વાસ છે.

જે મનુષ્ય પોતે એક પર્ણ પણ ઉપજાવી–પેદા કરી શકતો નથી, તે મનુષ્યને તેને ચૂંટી નાખવાનો અધિકાર હોયજ શાનો?

ઇચ્છા વિના એની મ્નુષ્યો કંઇ કરી શકતા નથી,
પૂછયા વિના કો એક પણ પગલું ભરી શકતા નથી,
આખા જગતના જીવને લેવી પડે એની રજા,
રહ્યાસુ થવું ના કોઇએ...છે આકરી એની સજા.
કીડીથી માંડી કુંઝરોનું પણ કરે છે એ પુરૂં,
વિદ્યાર્થી આખું વિશ્વ છે, વિશ્વેશ છે એનો ગુરૂ."

"તો મ્હારે એ ત્હારા વિશ્વેશના વાકયોને ઉલટાવી નાંખવા છે. લીલાપુરમાં લીલાવતીનું રાજ્ય ચાલે છે, વિશ્વેશનું નહી, એ આજે બતાવી આપવું છે."

"આશાજ ન રાખો."

"એમ. તો જો."

રાણીએ પ્રતિહારને બૂમ મારી. પ્રતિહાર ત્યાં હાજર થયો.

"જાવ ! આ સાધુને કેદખાનામાં નાંખો. એનો વિશ્વશ એને કેમ બચાવે છે ! એ મ્હારે જોવું છે."

## "જોઈ લે."

બોલતીજ એક કાળા કપડામાં ઢંકાયલી વ્યક્તિ તે જગ્યાએ દોડી આવી. તેના હાથમાં એક ધનુષ્ય અને તે ઉપર ચઢાવેલું એક તીક્ષ્ણ તીર હતું.

વાંચક ! એ વ્યક્તિને ઓળખી ? બ્હારવટીઆ વનવીરને ભર્યા દરબારમાં બચાવનાર, અને મંજુને તીર મારનાર બાહોશ ભેદી તીરંદાજ તે આજ !

રાણીનો પ્રતિહાર તો આ ભૂતને જોતાંજ તરવાર મૂકી દઇ ભાગ્યો. લોકોને બોલવાનું ભાન શુદ્ધાં ન રહ્યું. સાધુને બચાવી એ તીરંદાજ રાણીની આંખમાં ધૂળ નાખી ત્યાંથી ચાલતો થયો. એક છૂપે રસ્તેથી એ તીરંદાજે સાધુને નસાડી મૂક્યો. બદલામાં સાધુએ તેના હાથમાં એક પત્ર મૂક્યો. ઉતાવળમાં આ તીરંદાજે તે વાંચ્યા વિનાજ પોતાના ગજવામાં મૂકી દીધો.

જ્યારે રાણીનો ભય દૂર થયો, ત્યારે પ્રતિહારે આવી રાણીને એક નવા સમાચાર સંભળાવ્યા. "મહારાણી ! એક અજાણ્યો માણસ તમને મળવા માગે છે. તે જણાવે છે કે હું બ્હારવટીઆ વનવીરનો પત્તો મેળવી લાવ્યો છું."

"ભલે આવે."

પ્રતિહાર બ્હાર ગયો. તે પછી બીજીજ પળે વનવીરની સાથે ગુફામાંથી નીકળેલો બદમાશ મણિલાલ અહીં દાખલ થયો. (જુઓ પુષ્પ ૬ ઠું)

મહારાણી લીલાવતીને તેણે બ્હારવટીઆ વનવીરની ગુફાનો પત્તો બતાવી દીધો. તે પછી મહારાણી બોલી. " વારુ ! મણિલાલ ! જો ત્હારા કહ્યા પ્રમાણે અમે એ બદમાશ લૂટારૂને હાથ કરવામાં ફાવશું, તો અમારા તરફથી જાહેર થએલું ઇનામ ત્હને જરૂર આપવામાં આવશે. "

"મહારાણી ! હું પૈસાનો ભૂખ્યો નથી. ઇનામની લાલચે હું અહીં આવ્યો નથી."

" ત્યારે ?"

"સાંભળો. બ્હારવટીઆ વનવીરે એ ગુફામાં એક વનમાળા નામની છોકરીને રાખેલી છે. મ્હારા ઇનામ તરીકે તમારે મ્હને એ આપવી પડશે."

"વનમાળા !" મહારાણી સ્વગત બબડી.

પરન્તુ આ વખત મણિલાલને ના પાડવા જેવો ન્હોતો. યુકિતથી કામ કાઢી લેનાર પ્રપંચી પ્રમદાએ મણિલાલની શર્ત મંજુર રાખી, ગુફાનો તમામ ભેદ તેની પાસેથી જાણી લીધો.

જ્યારે મણિલાલ પોતાને વનમાળા મળશે, એ આશાથી મલકાતો હતો, ત્યારે શયતાની લીલા મણિલાલને દગો દઈ વનમાળાને ફરી હાથ કરવામા ફાવશે, 'સાથે બ્હારવટીઓ પણ પોતાનો કેદી થશે', એવા સ્વર્ગીય સ્વપ્ના જોતી હતી. બંને એકેકને ઠગવાની જાળ બિછાવી રહ્યા હતા.

"ત્યારે આપણે કયારે ચાલીશું ?"

"કાલ રાત્રે."

યોગ્ય તૈયારી કરવાની સૂચના આપી મણિલાલ છૂટો પડયો. મહારાણીની આજ્ઞાથી તેના ઉતારાની વ્યવસ્થા મ્હેલમાંજ થઈ.

પણ મણીલાલને પગ જેવો એ ખાનગી ઓરડામાંથી દૂર થયો, તેવુંજ એક ભેદી તીર આવી રાણીના પગ પાસે પડયું. આ તીર બંનેની છૂપી વાત સંતાઇને સાંભળતા પેલા ભેદી તીરંદાજે છોડયું હતું. તીરની સાથે બાંધેલી ચીઠ્ઠીમાં શું લખેલું હતું ?

## સાવધાન !

શયતાની લીલાએ એ તીર મારનારને પકડવા પુષ્કળ ધમપછાડા કર્યા. કુમાર રણવીર સિપાઇઓ સાથે માતાની મદદે ત્યાં ધસી આવ્યો. બહુ શોધ કરી, પણ અફસોસ ! કોઈ પણ ન દેખાયું.

* * * *

બીજે દિવસે દરબાર ભરાયો. ત્યાં ડિટેકટીવ દેવેન્દ્રે બ્હારવટીઆ વનવીરને હાજર કર્યો. રાણીની પડખે ઉભેલા મણીલાલનું મોઢું હવે ઉતરી ગયું. તેની આશાઓ ધૂળમાં મળી. ત્યાં તો મંજુનું ખૂન થયું. વનવીર મણીલાલને પકડવા દોડયો, દેવેન્દ્ર એની પૂંઠે પડયો. (જુઓ પુષ્પ ૭ મું.)

મણીલાલનો જે કાંટો મહારાણી ગુફામાં ગયા પછી સાફ કરવા માગતી હતી, તે આમ આપોઆપજ સાફ થઈ ગયો. હવે સમય ખોવો નકામો છે, ધારી તેણે કુમાર રણવીરને બ્હારવટીઆની ગુફામાં જવા તૈયાર થઈ આવવાનો હુકમ કર્યો. પોતે પણ તૈયારી કરવા માંડી. તેનો આશય વનવીરને પકડવાનો ન્હોતો, પરન્તુ હઠીલી વનબાળાનું ગુમાન ઉતારવાનો હતો.

કુમાર રણવીર માતાની આજ્ઞાનું પાલન કરવા પોતાના ગુપ્ત આવાસમાં ચાલતો થયો.

# પુષ્પઃ—૯ મું.

## "હૃદયના દાન."

મનોરમાના ખુની મણિલાલને પકડવા ભરદરબારમાંથી છટ્કેલો બ્હારવટીઓ વનવીર એક પછી એક ઓરડા વટાવતો એની પાછળ પડેલો હતો, જ્યારે ડિટેકટીવ દેવેન્દ્ર પણ વનવીરનો પીછો મૂકે એમ ન્હોતો. આ અજબ ત્રિપુટી એકેકની પાછળ પ્રાણુની પરવા મૂકીને પડી હતી.

ઓરડાઓ ઉપર ઓરડાઓ વટાવતો મણિલાલ રાજમ્હેલની અગાસી ઉપર આવી પ્હોંચ્યો. પાછળ આવતા વનવીરને કોઇ પણ ઉપાયે અટકાવવાનો નિશ્ચય કરી તે આમ તેમ જોવા લાગ્યો. એટલામાં અગાસીની લગોલગ ઉગેલું એક પ્રચંડ ઝાડ તેણે જોયું. કુદકો મારી તે તેની ઉપર કુદ્યો.

પાછળ આવતા બ્હારવટીઆ વનવીરે પણ એજ રસ્તો લીધો. પરન્તુ એકાએક ઝાડની કુમળી ડાળી વનવીરના ભારે નીચી નમી ભાંગી ગઈ વનવીર નીચે જમીન ઉપર પછડાઈ બેહોશ થઈ ગયો.

આ સોનેરી તકનો લાભ લેવા બદમાસ મણિલાલે પોતાનુ કાંતીલ ખંજર ખેંચી કાઢયું. જેવો તે વનવીરના કલેજામાં એ ઘોંચવા જાય છે, તેવુંજ પેલા ભેદી તીરંદાજનું તીર સુસવાટો મારતું આવી પ્હોંચ્યું.

પણ માણુસ ધારે છે કંઇ, અને પ્રભુ કરે છે કંઇ. તીરનું નિશાન ઉતાવળથી આડું થઈ ગયું. તીરે બદમાસ મણિલાલને બદલે ત્યાં આવી આવી પ્હોંચતા ડિટેકટીવ દેવેન્દ્રને અટૂકાવ્યો. બદમાશને ન્હાસવાની તક મળી. તે રાજ્ય-ઘોડારમાંથી ઘોડો લઇ જક્ષ-જંગલ તરફ દોડયો.

જ્યારે ડિટેક્ટીવ દેવેન્દ્રના કાંડામાં પેલું તીર વાગતાંજ તે જમીન ઉપર પટકાઈ પડ્યો. આ બંને બેહોશ વ્યક્તિની પાસે પેલો ભેદી તીરંદાજ આવી પ્હોંચ્યો. દેવેન્દ્રને ત્યાંજ પડતો મૂકી તે બ્હારવટીઆ વનવીરનું બેશુદ્ધ શરીર ઉપાડી ગયો.

* * * *

જ્યારે ઘાયલ ડિટેક્ટીવ થોડી વારે ભાનમાં આવ્યો, ત્યારે તેણે પોતાની પાસે વનવીરનું શરીર ન જોયું. 'નક્કી ! આ તીરંદાજ બ્હારવટીઆનો માણસ હોઈ, તેજ એને બચાવી ગયો છે." એવી કલ્પનાશક્તિમાં વિહરતા દેવેન્દ્રે મહારાણી લીલાને આ સ્નાન સમાચાર નિવેદન કર્યા.

'ફિકર નહી. દેવેન્દ્રબાબુ ! એ તીરંદાજની વાત પછી થઇ રહેશે. વારૂ ! પણ પ્હેલાં પેલા મણિલાલનો પત્તો લાગ્યો કે નહી ?"

"મણિલાલ ! મણિલાલ કોણ ?"

"જેની પૂંઠે વનવીર પડ્યો હતો તે. જેને વનવીરે મનોરમાના ખૂની તરીકે સંબોધ્યો હતો તે."

"દેવેન્દ્ર ! નાહિંમત ન બનો, આપણે મણિલાલ સાથે કંઇજ કામ નથી."

"તમને કદાચ નહી હોય, મહારાણી ! પરન્તુ મ્હારે તો એનું બહુજ કામ છે." કહી દેવેન્દ્રે આગમનની તમામ વાત રાણીને કહી સંભળાવી:

"ફિકર નહી. આજ રાત્રે તમે મ્હારી સાથે ચાલો."

"ક્યાં ?"

"બ્હારવટીઆ વનવીરની ગુફામાં. કદાચ ત્યાં એ હરામખોર વનબાળાને લેવા ગયો હશે."

તે પછી મહારાણીએ પોતે પોતાને મણિલાલ તરફથી મળેલી તમામ બાતમી દેવેન્દ્રને કહી સંભળાવી. કુમાર રણવીર, લીલાવતી, દેવેન્દ્ર અને બીજા બે સિપાઇઓ એ પાંચેએ પૂરતી તૈયારી સાથે "જક્ષ-જંગલની." એ ગુફામાં બ્હારવટીઆના નિવાસી સ્થાનમાં જવાનો નિશ્ચય થઇ ચૂક્યો.

* * * * *

બીજી બાજુ બેહોશ બ્હારવટીઆની આંખો ખુલી, ત્યારે તેણે પોતાને એક સુસજ્જિત ઓરડામાં સુન્દર પલંગ ઉપર પોઢેલો જોયો. તેની પાસે એક કાળા કપડાથી–પગથી તે માથા સુધી ઢંકાયલી વ્યક્તિ બેઠી હતી.

આંખો ચોળતો બ્હારવટીઓ બેઠો થયો. તેણે એ કાળી આકૃતિને ધારી ધારીને જોઇ. છતાં ન ઓળખી શકયો. "બચાવનાર ! ઓ વીર ! તમે કોણ છો ?"

"મ્હારા ખરા નામે તમે મ્હને ઓળખો, તે કરતાં આ નામે જલ્દી ઓળખી શકશો. જુઓ. હું કોણ છું ?"

આમ બોલતાંજ એ તીરંદાજે પોતાના ધનુષ્ય–બાણ હાથમાં લીધાં. બ્હારવટીઓ તરતજ બોલી પડયો. "કોણ ? મ્હને વારંવાર બચાવનાર ! અને તીર છોડનાર તીરંદાજ તે તમે !"

"જી. હા."

"તમારા આભારનો બદલો આ વનવીર શી રીતે વાળે ! બોલો."

"બચાવનારની માગણી કબૂલ રાખીને."

"માગણી ? કહો તમારી શી માગણી છે ?"

"વચન આપો. તો માંગુ."

"લે. આ મ્હારૂં વચન. ત્હારી મરજીમાં આવે એ માગી લે."

વનવીરે તે વ્યક્તિના હાથમાં હાથ મકયો. તીરંદાજે પોતાનો કાળો પોશાક દૂર ફેંકી દીધો. બ્હારવટીઆનો હાથ જોરથી પકડી લેતાં તે બોલ્યો.

"મ્હને તમારી કરો. હૃદય-દાન દ્યો. બસ એજ મ્હારી માગણી છે. ઓ બ્હાદુર બ્હારવટીઆ! હું ત્હારી સાથે લગ્ન કરવા માંગુ છું."

વનવીર તો એનું મોઢુંજ જોતો રહ્યો. એને 'વચન આપતી વખતે સ્વપ્ને પણ એવી કલ્પના ન્હોતી આવી, કે આ બાહોશ તીરંદાજ એક કુમારી કન્યા છે. તે શું બોલે? પોતાના હૃદયનું દાન તો તે વનબાળાને ક્યારનું'ય કરી ચૂકયો હતો.

"શું વિચારમાં પડી ગયાં? વનબાળા સાંભરી?"

વનબાળાનું નામ એને મોઢે સાંભળતાંજ બ્હારવટીઆના આશ્ચર્યમાં ઓર ઉમેરો થયો. તે બોલ્યો. "બાળા! બાળા! તમારૂં નામ?"

"મ્હારૂં નામ રાજકન્યા રત્નાવળી."

આ તદ્દન નવીન નામ સાંભળી અને નવીન આપત્તિ આવતાં વનવીર મૂઝાયો. શું કરે? તે વચન આપી ચૂકયો હતો. એને વિચારમાં પડેલો જોતાંજ રત્નાવળી બોલી.

"વનવીર! મુઝાશો મા. જ્યારે વનબાળાને હું જાતે મળીશ, ત્યારે મ્હારી પાસે એક એવી ચાવી છે, કે જેથી એ પોતાના હૃદય નાથમાં અર્ધભાગ મ્હને પણ ખુશીથી આપશે. કારણ .."

"શું ?"

"વનમાળા કરતાં તમારા ઉપર રહેલો હકક મ્હારો છે."

"કેવી રીતે ?"

"વનમાળાને તો હજુ તમે પરણવાનું બીડું ઝડપ્યું છે. પરન્તુ મ્હને તો પરણી ચૂક્યાં છો."

"આ તું શું બકે છે ?"

"આમ આવો. મ્હારી પાસે આવો. હું તમને એ વાત યાદ દેવડાવું."

વનવીર એની પાસે ગયો. રત્નાવળીએ એના કાનમાં એકજ શબ્દ કહ્યો, અને વનવીર બે ડગલાં પાછળ હઠી ગયો.

"કેમ ? હવે તો કબૂલને !"

"ના કેમ કહેવાય ?"

બીજીજ પળે વનવીર અને રત્નાવળીએ પરસ્પર હૃદયના દાન દીધાં. ઉભય પ્રેમીઓ અકકેકને ભેટી પડયાં.

તે પછી એ ભેદી તીરંદાજે બ્હારવટીઆને થોડીક નવા જુની સંભળાવવા માંડી.

"મહારાણી લીલા અને મણીલાલની વચ્ચે થયેલી વાત મ્હેં છૂપાઇને સાંભળી છે. આજ દેવેન્દ્ર, કુમાર રણુવીર, અને મહારાણી પોતે તમારી ગુફામાં રાત્રે જનાર છે. હું ધારૂં છું કે તેમનો આશય કદાચ વનમાળાને હસ્તગત કરવાનો હોય !"

"તો મ્હને રજા આપ. મ્હારે પણ જલ્દીથી એમની પૂંઠે જવું જોઇએ."

"ભલે પધારો."

"હવે ફરી મેળાપ કયાં અને કયારે થશે ?" વનવીરે જતાં જતાં પ્રશ્ન કર્યો.

"હું કમાંજ હું પણ મ્હારા તીરંદાજના ગુપ્તવેશમાં તમને મદદ કરવા પાછળજ આવું છું."

"બહુ સારૂ."

તે પછી બંને છૂટા પડયાં. બ્હારવટીઆ વનવીરે રત્નાવળી પાસેથી એક અશ્વ લઇ તે પોતાની ગુફા પ્રતિ મારી મુકયો.

આશરે પા કલાક પછી લીલાપુરને દરવાજેથી પાંચ અશ્વારોહી વ્યકિતઓ બ્હાર પડી. મહારાણી લીલા, કુમાર રણવીર, ડિટેકટીવ દેવેન્દ્ર, અને બીજા બે અંગરક્ષકો.

વાંચક! સાધુને છોડવી જનાર કાળી વ્યકિત, તેજ આ ભર્યા દરબારમાં તીર છોડનાર તીરંદાજ! દિર્હ રાજકન્યા રત્નાવળી!

ત્યારે શું રણધીર પરણેલો હતો? રત્નાવળી એની પત્ની હતી? કે પછી મહારાણી લીલાવતીની સત્તાનો ભોગ થએલ એ કોઈ અન્ય કુમારિકા હતી? મહારાણી સાથે એને વૈર થવાનું કારણ શું? બ્હાર વટીઆને બચાવવા એ આવા ભયંકર સાહસો શા માટે ખેડતી હતી?

આટલા સવાલ ઉપર બરાબર વિચાર કર!



## પુષ્પઃ—૧૦ મું.

### "સાધુનો ચમત્કાર."

"વનમાળા! હવે વનવીર આવી રહ્યો." એક વખતનો અજાણ્યો આશક મણિલાલ હસતાં હસતાં બોલ્યો.

'કેમ? એમ કેમ?"

"હું લીલાપુરથી અત્યારેજ ચાલ્યો આવું છું. વનવીર એક સ્ત્રીનુ ખૂન કરતાં ડિટેકટીવ દેવેન્દ્રને હાથે પકડાઇ ગયો છે. એને જીવતો સળગાવી મુકવાની ભયંકર સજા થઇ ચૂકી છે. હું ધારૂં છું, કે એ અમલમાં પણ કદાચ મુકાઇ ચૂકી હશે. એ ઉપરાંત એ **શયતાની લીલા** વનવીરનું આ છૂપુ નિવાસસ્થાન સદાને માટે ધરાશાયી કરવા ક્યારની નીકળી ચૂકી છે. એના હાથમાં જવા કરતાં મ્હારી સાથે ચાલ. હું ત્હને સુખી કરીશ."

વનવીરના મૃત્યુ—સમાચારે વનમાળાની હિંમત છૂટી ગઇ. તેની આંખોમાં આંસુ ભરાયાં. જો કે મહારાણી લીલાનુ નામ સાંભળતાંજ તેને ધિક્કાર છૂટતો હતો, બ્હીક લાગતી હતી, છતાં વ્હાલા પ્રેમી વનવીરના મૃત્યુનો પૂરેપૂરો બદલો લેવા હવે તેણે મનમાં ગાંઠ વાળી. તે વીરના પણ કાળજા કંપાવે એવા ભયંકર સાદે બોલી.

"ભલે આવે. મણિલાલ! એ **શયતાની લીલા!** ભલે આવે. મ્હને હવે એની મુદ્દલ પરવા નથી."

"પરન્તુ હું ત્હારો હાથ માંગું છું તેનુ કેમ? તું હા પાડ, અને પછી જો કે હુ પણ ત્હારી પડખે છું."

"એ નહી બને. મણિલાલ ! હું વનવીરનેજ ચ્હાતી હતી, અને એની પૂંઠેજ મરીશ. મ્હારૂં એક વાર અર્પાઇ ચૂકેલું, તૂટેલું ભગ્ન દીલ હવે બીજાને હાથ નહીજ ચઢે."

"એ નહી ચાલે. જો સીધી રીતે મ્હારી શર્ત મંજુર નહી થાય, તો મ્હારે ગંભીર ઉપાય લેવા પડશે."

"એટલે ? શું તું મ્હને બળાત્કારથી પરણવાની ફરજ પાડે છે."

"અલબત્ત ! જો સીધી આંગળીથી ઘી નહી નીકળે, તો પછી રસ્તો એજ છે."

"તું મ્હને અહીં એકલી ધારી સતાવવા માગે છે ? નામર્દ ! એક નિરાધાર છોકરી સાથે તું ત્હારૂં બળ અજમાવવા ચ્હાય છે ?"

"વનમાળા ! સ્વાર્થી અને પ્રેમી બંને આંધળા હોય છે. એમને સારાસારનું ભાન હોતુંજ નથી.

પ્રેમના પંખી ઉડે આકાશમાં બસ લ્હેરથી,
આંધળા આધા નથી રે'તા કદાપી ઝેરથી.
કેદી મધુકર થાય છે મનફાવતા જઈ કમળમાં,
પ્રેમી પતંગો ડુબતાં વારિ–દીપકના વમળમાં.

આજ સૌન્દર્ય ! કે જેમાં શિવ બ્રહ્મા અને વિષ્ણુ સરખાં ભૂલ્યાં.

સૌન્દર્યની જ્યોતિ જગતમાં છે જગ્યા સંતોષની,
ડાહ્યા દિવાના થાય એવી રૂપની છે રોશની.
સૃષ્ટિ ભરી છે સ્નેહથી સહુ સ્નેહનાજ ફકીર છે,
સિન્ધુ, સરિતા સ્નેહની ને સ્નેહના બસ નીર છે.

પ્રેમદા પૂતળી પ્રેમની...છોડે પ્રેમી તીર,
વાગે તેના સમજવાં ખુલી ગયાં તકદીર.

" વનબાળા ! ત્હારા પ્રેમ–સૌન્દર્ય–તીરોએ મ્હારૂં હૃદય વીંધી નાખ્યું છે. હવે શું વિચાર કરે છે ?"

મણિલાલ વનબાળાનો હાથ પકડવા દોડયો. અનાથ છતાં વીર બાળાએ પાસે પડેલો એક પત્થર એને છૂટો માર્યો. કામાંધના માથામાંથી લાલ ધારા ઉડી.

"એટલેજ રહે. એ કામાંધ કૂતરા ! ત્હારા હૃદયને બદલે એ તીર ત્હારી આંખમાં કાં ન વાગ્યું. ? તું આંધળો કેમ ન થયો ? પ્રેમ કાંઇ બળાત્કારથી ન થાય ! એ તો.

પ્રેમના અંકૂર આપોઆપ પેદા થાય છે,
પ્રેમી હૃદયની પાંખડી તો કુદરતી બીડાય છે.
પ્રેમની હોડી હૃદયમાં ગુપ્ત હંકારાય છે,
પ્રેમની માળા વિરહની વાડીમાં ગૂંથાય છે.

પ્રેમ પાપણના પલકારે થઇ જાય છે. એનો જન્મ અને મૃત્યુ બંને વિલક્ષણ રીતે થાય છે.

પ્રેમના પાણી ભરે છે પ્રેમીઓ અંતર–ઘડે,
બેચાય છે એ નીર પ્હેલાં તો નયનને દોરડે.
પ્રેમી પરસ્પરની તૃષા આઘે રહી છીપાવતાં,
સ્વપ્નમાં એકેકને મળવા અધીરા આવતાં.
ઇચ્છા વિના હૈયા પરાયાં તે કદી તાણે નહી,
(એ) શી દિવ્ય વસ્તુ પ્રેમ છે ? તે તું જરા જાણે નહી.

પ્રેમમાં તો પ્રભુતા અને પ્રાણદાનની પવિત્ર ભાવના જોઇએ. ત્હારા જેવી નીચ આશાને એમાં સ્થાન ન હોય!

પાયો નખાયો પ્રેમથી ને પ્રેમથી પ્રારંભ છે,
એ દિવ્ય વસ્તુ પ્રેમ એ તો વિશ્વનો શુભ સ્તંભ છે.
એ પ્રેમના વાતાવરણ પર વિશ્વનો આધાર છે,
રે! પ્રેમ એ તો પૂજ્ય એવા પ્રભુનો અવતાર છે."

"એ બધું મ્હારે નથી સાંભળવું. હું તો ત્હનેજ..." બોલતો મણિલાલ વનબાળા પ્રતિ દોડયો. એટલામાં વનબાળાના મગજમાં પ્રભુએ એક નવીન સ્મૃતિ મૂકી. "જરૂર પડે તો આ છુપી કળ દાબજે. ત્હારૂં રક્ષણ થશે." એ બ્હારવટીઆ વનવીરની (જુઓ પુષ્પ ૬ ઠું) વાત તેને યાદ આવી. તુર્તજ તેણે દોડી એ કળ દબાવી.

કડડડ અવાજ કરતો એક પત્થરનો બંધ દરવાજો સ્હામેથી ઉઘડી ગયો. અંદર એક સાધુ પુરૂષ બેઠેલો હતો. વનબાળા તેની પાસે દોડી.

"મ્હને બચાવો."

બીજીજ પળે સાધુએ એક છુપી કળ દબાવી. મણિલાલ જોતોજ રહ્યો. સાધુ શું કરવા માંગે છે? તે તે ચેતી ગયો. તેની નજર પ્રવેશ દ્વાર ઉપર પડી. એ પત્થર ધીરે ધીરે બંધ થવા લાગ્યો હતો. પોતે ગુફામાં કેદ થઇ જશે, એ વિચારે તે એવો તો બ્હીધો કે પ્રવેશદ્વાર પુરૂં બંધ થઇ જાય, તે પ્હેલાં તો એ છલંગ મારી બ્હાર નીકળી ગયો. પ્રવેશદ્વાર એની પુંઠેજ બંધ થઇ ગયું.

હાલ તરત તો તે કંઇજ કરી શકે એમ ન્હોતો. પોતાના માથાનો ઘા ધોવા તે સ્હામેની વાવડીમાં દોડયો. જ્યારે વનબાળાને સંબોધી

પેલો પ્રૌઢ સાધુ બોલ્યો, "પુત્રી ! આમ આવ. તું નિર્ભય છે, આવ. મ્હારી પાસે આવ."

એટલું કહી તેની બ્હીક ભાંગી નાખવા એ સાધુપુરૂષે પોતાની કફનીને તિલાંજલી આપી. વનમાળાનો ભય એની સાથેજ ભાંગી ગયો. ભયથી થરથર કંપતી એ બાળા હવે એને બાઝી પડી.

વાંચક ! આ સાધુપુરૂષ ન્હોતો, પણ એક પ્રૌઢ રમણી હતી, કે જેને આપણે સાધુવેશે ગુપ્તચર્યા જોતી લીલાવતીના મ્હેલ નીચે જોઇ ગયા છીએ. પેલા બાહોશ તીરંદાજે બચાવેલો સાધુ તે બીજો કોઈ નહી, પણ આજ !

ત્યારે હવે એક નવી શંકા ઉપસ્થિત થઈ ! અને તે આ સાધુવેશી સુન્દરી તે કોણ ?

## પુષ્પઃ—૧૧ મું.

### "વૈરી કે બ્હેન ?"

ચંદ્રની સંપૂર્ણ ચાંદની છતાં "જક્ષ-જંગલ"નો રસ્તો ઝાડોથી એટલો તો ખીચોખીચ હતો, કે એ રસ્તે જનાર આવનારને અંધારાનોજ અનુભવ લેવો પડતો હતો.

પુનેમની આ ચાંદની રાતના એ અંધારા બિહામણા રસ્તે એક નીડર ઘોડેસ્વાર આગળ વધી રહ્યો હતો. એ આપણી આ ન્હાનકડી નવલકથાનો નાયક બ્હારવટીઓ વનવીર !

'વનમાળાનું' રક્ષણ નહી થશે તો ? કદાચ પેલી છુપી કળની વાત એને નહી યાદ રહેશે તો !' એવી એવી હજારો શંકાઓ તેના મગજમાં અત્યારે ઘૂમી રહી હતી. આંખો મીંચીને એ પ્રિયાનીજ ધૂનમાં મસ્ત ઘોડેસ્વાર ઘોડો દોડાવી રહ્યો હતો. પરન્તુ સામે શો ભય છે ? એ જોઈ શકવાને તેનામાં અત્યારે ભાન ન્હોતું. તેના ભાન સાન અને ધ્યાન તો ગુફામાંહેની અટૂલી અને નિરાધાર પ્રિયતમા વનમાળામાં હતા.

વાવાઝોડાને લઈ તૂટી પડેલું એક જબરજસ્ત ઝાડ રસ્તાની વચ્ચોવચ્ચ આડું પડેલું હતું. ઘોડેસ્વારનું ધ્યાન એ તરફ ન દોરાતાં તેણે લગામ ખેંચી અશ્વને આગળ વધતો ન રોક્યો. મુગ્ધ પ્રાણી અંધારામાં એની સાથે અથડાઈ પડ્યું એ દરમ્યાન ઘોડેસ્વાર એક આંચકા સાથે અશ્વ ઉપરથી ઉછળી હેઠો પડ્યો. તેની ચિત્રમાળાના મણકા હવે વેરાયા. તેને વાગ્યું ન્હોતું. પરન્તુ ઘોડાની જબરી ચીસે તેને કંઈક વહેમ પડ્યો હતો. ઘોડાની પીઠ પંપાળતાં તેણે ગજવામાંથી ચકમક કાઢી દેવતા પાડ્યો. એના પ્રકાશમાં તેણે જોયું તો એ મુગ્ધ પ્રાણીનો આગલો પગ ઠોકર વાગવાથી મરડાઈ ગયો હતો. એમાંથી લોહીની ધારા છૂટી રહી હતી.

પોતાની બેદરકારીનો ભોગ થએલા બાપડા અશ્વને વનવીરે પહેરેલું વસ્ત્ર ફાડી તેનો મજબુત પાટો બાંધ્યો. 'અફસોસ !' ના પોક ઉંડી હાય મારી તે ત્યાંજ બેસી ગયો. કારણ ? ઘાયલ થયેલ અશ્વ હવે આગળ વધી શકે એમ ન્હોતો. તેમ વનવીરથી પગે ચાલીને પણ એટલો લાંબો માર્ગ કાપી શકાય એમ ન્હોતું.

× × × × ×

જ્યારે બીજી બાજુ યુવરાજ, દેવેન્દ્ર તથા બે અંગરક્ષકોને લઇ નીકળેલી શયતાની લીલા પણ એજ "જક્ષ-જંગલ." નો રસ્તો લઇ રહી હતી. આ પાંચેના પવનવેગી ઘોડાઓ એ અંધારામાં એક સાથે દોડી રહ્યા હતા, એવામાં હિંસક પ્રાણીઓથી ભરેલા એ જંગલી વનમાં એકાએક એક વનરાજે ભયંકર ગર્જના કરી. સહુથી આગળ ડિટેકટીવ દેવેન્દ્ર તથા કુમાર રણવીરના અશ્વો હતા. ગર્જના સાંભળતાંજ તેમના ઘોડાઓ અચ્ચાર પગે ઉછળ્યા બહુ બહુ કર્યું, પણ લગામ કાબુમાં ન રહી, તે નજ રહી. થયું એમ કે ડિટેકટીવ દેવેન્દ્ર, કુમાર રણવીર, અને મહારાણા તથા તેના બે અંગરક્ષકો એમ આ પંચમંડળ ત્રણ જુદે જુદે રસ્તે ચઢી ગયું. દૈવની ગતિ કોઇ ગહનજ હોય છે.

"હવે શું કરવું ? ગુફામાં કેમ પ્હોંચાશે ?" એ વિચાર વનવીર કરી રહ્યો હતો, એટલામાં તેને ઘોડાના પગલાના અવાજ સંભળાયા. પોતાના ખોડંગતા અશ્વને લઈ જઇ કોઈ ન જાણે એમ તેણે એક ઝાડીમાં સંતાડી. બાંધી દીધો. આવનાર પ્રતિ તે હવે સંતાઇને જોવા લાગ્યો.

થોડી વારે એ દેવતાના પ્રકાશ પાસે એક ઘોડેશ્વાર વ્યકિત આવી ઉભી. નીચે ઉતરી તેણે પ્હેલી નજર તો એ સળગતા દેવતા ઉપર નાખી. અજવાળામાં ત્યાં જમીન ઉપર પડેલા લોહીના તાજાજ ડાઘા તેણે જોયા. "નક્કી ! આટલામાં થોડી વાર ઉપર કોઇ માણસ આવ્યું લાગે છે. લોહીના છાંટા ઉપરથી જણાય છે, કે તે ઘાયલ થએલું હોવું જોઇએ." બહુજ બારીકીથી જોતાં તેને માલમ પડયું કે:- પગલા ઘોડાના જેવા પણ જણાય છે. નક્કી કોઇ ઘોડેશ્વારજ હોવો જોઇએ. કોણ જાણે ! કદાચ મ્હારાથી છુટા પડેલા કુમાર રણવીર તો નહી હોય !" આવા આવા તર્ક-વિતર્ક કરતો એ ડિટેકટીવ દેવેન્દ્ર ત્યાં સહજ વિસામો ખાવા થોભ્યો.

ત્યાં એને ઝડીમાં કંઇક ખડખડાટ થતો સંભળાયો. દેવેન્દ્ર તેમજ તેની ગુપ્ત ચર્ચા જોતો બ્હારવટીઓ વનવીર બંને આ નવીન અવાજથી સાવધ થઇ ગયા. વાંચક ! એ નવીન આવનાર અન્ય કોઇ નહી પરન્તુ આપણા બ્હારવટીઆ વનવીરને અણીને વખતે વખતોવખત મદદ કરનાર પેલી તીરંદાજ રમણીજ હતી. કે જેણે વનવીરને "તમે જાવ, હું તમારી પાછળજ આવી પહોંચું છું," એમ કહ્યું હતું. (જુઓ પુષ્પ—૯ મું.)

* * * *

વનવીરના ઝાડીમાં બાંધેલા અશ્વને પાણીની તરસ લાગી, એટલે એ ખોડંગતો ખોડંગતો જળની શોધમાં નીકળ્યો. સ્હામેજ તેને આપણો તીરંદાજ મળ્યો. પછી શું પૂછવું ? વનવીરને "જક્ષ-જંગલમાં." જઇ પ્હોંચવા માટે તેણે પોતેજ ઘોડો આપ્યો હતો, એટલે પછી તેને પારખતા શી વાર ? અધુરામાં પૂરો ઘોડાને જખમાયલો જોતાંજ તેના હોંસ ઉડી ગયા. "નક્કી વનવીર ભયમાં છે." એમ તેના મનમાં ઠસતાંજ તે ઘોડા ઉપરથી ઉતરી પડયો. એક છૂપી સર્ચલાઇટ ( બેટરી ) તેણે ગજવામાંથી બ્હાર કાઢી. અશ્વને પગલે પગલે તે પેલા તાપણા સળગાવેલી જગ્યાએ વનવીરને શોધવા આવી પ્હોંચ્યો. પરન્તુ ત્યાં કેવળ લોહીજ પડેલું હતું. વનવીર ન્હોતો.

છતાં તાજાજ સળગાવેલા બળતણ ઉપરથી તેને ખાત્રી થઇ, કે વનવીર અહીં આવ્યોજ હોવો જોઇએ. એણેજ આ અગ્નિ સળગાવેલો છે. વિશેષમાં તેનો અશ્વ જખ્મી હોવાથી તે પગે ચાલીને જાય એ સંભવીત નથી, અને કદાચ જાય તો પણ બહુ દૂર નહી ગયો હોય. તેમ છતાં કદાચ ઘોડાની શોધમાં પણ ગયો હોય ! આવાં આવાં

અનુમાન કરતી એ તીરંદાજ વ્યક્તિ ત્યાં ઘડીભર થોભી. થોડી વારે કંઇક વિચાર આવતાં તેણે પોતાના ફેંટામાંથી એક સફેદ વસ્ત્રનો ટુકડો ફાડ્યો. પાસે લોહીનો ખાડો ભરાયો હતો. એક દર્ભની સળી લઇ તેણે એ વડે પેલા વસ્ત્રના કટકા ઉપર કંઇક લખ્યું. તે પછી તે કટકો પોતાના તીર સાથે બાંધી તીર ધનુષ્ય ઉપર ચઢાવ્યું. "વનવીર! અશ્વને શોધી કદાચ અહીં આવશે, તો જોશે." એ આશાથી તેણે તે તીર ત્યાં જમીનમાં ખોસી આગળ વધવા એક પગલું ભર્યું.

ત્યાં તો તે તીરંદાજને પકડવા, અને એનો ભેદ જાણવા આતૂર થઇ રહેલા ડિટેકટીવ દેવેન્દ્રે એકદમ બ્હાર આવી એને પકડી લીધો. એના હાથમાં ભરેલી પિસ્તોલ હતી. કંઇક સત્તાસૂચક અવાજે તે બોલ્યો.

"જાય છે કયાં? કલકત્તાનો સુવિખ્યાત ડિટેકટીવ દેવેન્દ્ર ત્હને ફરમાવે છે, કે ત્હારી આ કાળી કફની દૂર કર. તું કોણ છે? એ બતાવી દે. નહી તો આ પિસ્તોલનો બાર ત્હારે માટે તૈયાર છે."

"ડિટેકટીવ દેવેન્દ્ર! આહાહા હાહાહા! તમારે આ તીરંદાજને જોવો છે? ઓહો! એમાં શું? લ્યો. જોઈ લ્યો. હું કોણ છું?" એટલું બોલી હસતાં હસતાં એ તીરંદાજે પોતાના માથા ઉપરથી ફેંટો દૂર કર્યો.

"તું...તુ...એક સ્ત્રી છે?" નાગની ફેણ જેવો કાળો ચોટલો જોતાંજ બે ડગલાં પાછળ હઠી દેવેન્દ્ર બોલ્યો.

"જી...હા...હું એક સ્ત્રી છું. જો જો હાનત ન બગાડતાં, હજુ કુમારી છું."

"ત્હારૂં નામ?"

"મ્હારૂં નામ? રાજકુમારી રત્નાવળી."

"રત્નાવળી ? એતો મ્હેં આજેજ સાંભળ્યું !" દેવેન્દ્ર સ્વગત બડબડયો. "તું બ્હારવટીઆની જાસુસ હોય એમ લાગે છે."

"એમજ છે. ડિટેકટીવ સાહેબ ! હું બ્હારવટીઆ વનવીરની બ્હેન છું."

"બ્હેન ?" છુપાયલો બ્હારવટીઓ અને દેવેન્દ્ર બંને એક સાથે બોલી પડયાં. "વૈરી કે બ્હેન ?" વનવીર સ્વગત બડબડયો.

"તું અહીં શા માટે આવી છે ?"

"મ્હારા મ્હોટાભાઇ વનવીરને ચેતાવવા."

"શાનાથી ?"

"તે આ ચિઠ્ઠી વાંચો એટલે સમજાશે."

દેવેન્દ્રે પેલા તીરની સાથે બાંધેલી લોહીથી લખેલી ચિઠ્ઠી વાંચી. તેમાં શું લખ્યું હતું ! ·

> ભાઇ વનવીર !
>
> જલ્દી જાવ. તમારી પૂઠે ડિટેકટીવ દેવેન્દ્રને લઇ મહારાણી લીલા કુમાર રણવીર સાથે આવવા નીકળી ચૂકી છે.
>
> લી૦ "તમારી બ્હેન રત્નાવળી."

"ઓહ્ ! ત્યારે તો તું અમારી છુપી વાત પણ જાણી ગઇ લાગે છે!"

"અક્ષરેઅક્ષર. મ્હારો ધંધોજ એ છે."

"એમ ?"

"જી...હા..."

"ठीक! हवे ए धंधो छोडी दयो...अने म्हारी साथे चालो."

देवेन्द्रे पिस्तोल आगळ धरी. रत्नावळीए पोतानो फेंटो पोताना माथा उपर मूक्यो. ते बोली. "त्यारे शुं आववुंज पडशे?"

एनो जवाब देवेन्द्र आपे ते प्हेलां तो ब्हारवटीओ वनवीर ब्हार कूदी आव्यो. एक तराप मारी तेणे पाछळथी आवी देवेन्द्रना हाथमांथी पिस्तोल खुंचवी लीधी. "देवेन्द्र बाबु! हजु जरा वार छे."

देवेन्द्रे ए आवनार व्यक्ति तरफ जोयुं. 'कोण वनवीर?" तेना मोढामांथी सहसा उद्गार नीकळी पडया.

'जी...हा देवेन्द्रबाबु! माफ करजो. तमे म्हारा कामभां जरा नडतर रूप छो. तो थोडी वार म्हारूं काम पती जाय एटली वार–जरा आ झाड साथे बंधाइ गप्पा मार्या करजो." कहेतां ब्हारवटीआए कमरेथी एक दोरडुं छोडी पासेना झाड साथे देवेन्द्रने बांधी दीधो.

वनवीर अने तीरंदाज रमणी रत्नावळी बंने एनी तरफ जोइ हसता हसता चलता थया डिटेकटीव देवेन्द्रनो घोडो ब्हारवटीआना उपयोगमां आवी गयो. रत्नावळी अने वनवीर बंने थोडे दूर गयां. ते पछी वनवीरे पूछयुं. "त्हें म्हने त्हारो भाई केम कह्यो?" (पतिने ने बदले.)

"कारण हुं तमारी ब्हेन छुं'

"त्यारे ते दिवसे हृदयना दाननी मागणी करतां..."

"बस करो. ते दिवसे म्हने मुद्दल खबर न्होती. हुं भूली हती. अज्ञानमां–भूलमां म्हें ए मागणी करी हती. आजे म्हने खबर पडी छे के हुं तमारी भामा नही पण भगीनी पदनेज लायक छुं...तेथीज तेथीज......"

"પણ કેવી રીતે? કોણે કહ્યું? શાથી ખબર પડી.?"

"હ્યો જુઓ. આ પત્રથી તમારી ખાત્રી થશે."

વાંચક! રત્નાવળીએ એક પત્ર બ્હારવટીઆના હાથમાં મૂક્યો. એ તેજ પત્ર હતો. કે જે પેલા સાધુએ તેને બચાવતી વેળા તેના હાથમાં આપ્યો હતો.

પરન્તુ એ પત્રમાં શું લખ્યું હતું? એ ભેદ તું અત્યારે ન જાણે એમાંજ ફાયદો છે.

રત્નાવળીના પત્રથી બ્હારવટીઆની શંકા ભાગી ગઇ. તે એકદમ અજાયબીમાં ગરકાવ થઇ ગયો, એટલુંજ નહી પરન્તુ હર્ષના આવેશમાં રત્નાવળીને ભેટી પડયો. પરન્તુ આ વખતે નહી કે પતિ-પત્ની તરીકે પરન્તુ સગા ભાઇબ્હેન તરીકે!

'ભાઈ! ત્હારી એ ભયંકર માગણી હું જ્યારે જ્યારે યાદ કરૂં છું, ત્યારે ત્યારે હજુય મ્હને થઈ આવે છે, કે મ્હારાથી એ અજાણ્યામાં થએલી ભૂલનું પણ ભયંકર પ્રાયશ્ચિત્ત એક વાર જરૂર કરવુંજ પડશે. હાય! મ્હારી ભૂલ થઈ." "ઇશ્વરેચ્છા."

એ પછી અશ્રુભરેલી આંખે ભાઇએ રજા લીધી. "હવે કયારે મળાશું?"

"થોડીજ વારમાં. દેવેન્દ્રની તો તપાસ થઇ ગઇ કુમાર રણવીર અને મહારાણીની તપાસ કરી હું તમારી પાછળજ આવી પ્હોંચું છું."

બંને ભાઇ બ્હેન છૂટા પડયા. દેવેન્દ્રના ઘોડા ઉપર બેસી બ્હારવટીઓ વનવીર ચાલતો થયો.

વારે! હવે આપણે આમાં શું સમજવું? ડિટેકટીવ દેવેન્દ્ર મનમાં બડબડયો "આ તીરંદાજ રમણી ઉર્ફે રત્નાવળી તે વનવીરની "વૈરી હશે કે બ્હેન?"

---

# પુષ્પઃ—૧૨ મું.

## "શરમ છે."

વાંચક વીરા ! હવે આપણે પોતાના બે અંગરક્ષકો સાથે છૂટી પડેલી મહારાણી લીલાવતીની ખબર લઇએ. જ્યારે બહુ શોધ કર્યા પછી લીલા થાકી, છતાં કુમાર કે ડિટેક્ટીવની કશીય ભાળ ન મળી, ત્યારે તેણે એકલાં આગળ વધવાનો વિચાર માંડી વાળ્યો.

એક અંગરક્ષકને કુમારની શોધમાં મોકલી તેણે રસ્તાના મધ્યમાંજ પોતાનો ઉતારો નાખ્યો. બીજા અંગરક્ષકે મહારાણીની આજ્ઞાથી સુકા કાષ્ટ એકઠા કરી અગ્નિ પ્રદિપ્ત કર્યો.

જ્યારે આ બાજુ ઝાડ સાથે બંધાયલા ડિટેક્ટીવ દેવેન્દ્રની દશા દયાજનક હતી. ચોરને કેદ કરવા જતાં તેને પોતાનેજ કેદ થવું પડયું હતું. અહીં જંગલમાં, અને તે પણ આવી અંધારી રાતે પોતાને બચાવનાર કોઇ પણ નહી આવે, એ આશાથી તેની હિંમત ખૂટી ગઇ હતી. પળે પળે તેના કાનમાં જંગલી જનાવરોના ભણકારા વાગી રહ્યા હતા.

એટલામાં તો તેને કાને પુનઃ ઘોડાના પગલાના અવાજ સંભળાયા. "નક્કી કોઇ ઘોડેસ્વાર આવી પ્હોંચ્યો." એમ લાગતાંજ તેની જતી રહેલી હિંમત પાછી આવી. તે આવનાર તરફ ધારી ધારીને જોવા લાગ્યો. જ્યારે આવનાર પાસેના બળતા અગ્નિના પ્રકાશમાં તેની છેક નજીક આવ્યો, ત્યારે તે હર્ષથી ચિત્કારી ઉઠયો "કોણ કુમાર?"

"અને તમે દેવેન્દ્ર બાબુ ! આ હાલતમાં !"

"પ્હેલાં તમે મ્હને છુટા કરો. પછી હું તમને બધું કહી સંભળાવું છું."

કુમાર રણવીરે દેવેન્દ્રને છુટો કર્યો. તે પછી દેવેન્દ્રનાથ બોલ્યો. "કુમાર શું કહું ? બ્હારવટીઓ મ્હારા હાથમાં આવેલો, પણ મ્હને બનાવી છટકી ગયો......છતાં...મ્હેં આજ એક અજબ ભેદ શોધી કાઢ્યો છે."

"અજબ ભેદ. તે વળી શું ?"

"પેલો ભેદી તીરંદાજ કોણ છે ? તે..."

"એમ ?"

"હા. એ ભેદી તીરંદાજનો ભેટો મ્હને થોડીજ વાર ઉપર થયો હતો. મ્હેં એની પાસે એનો તમામ ભેદ જાણી લીધો છે. પરન્તુ શું કરૂં ? હરામખોર બ્હારવટીઓ કોણ જાણે ક્યાંથી વચમાં કૂદી નીકળ્યો, ને...રંગમાં ભંગ પાડ્યો. જીતેલી બાજી હું હારી ગયો નહી તો..."

"પણ એ બ્હારવટીઆને અને એ તીરંદાજને શું ?"

"બસ. એટલી એકજ બીના હજુ મ્હને બરાબર નથી સમજાઈ. પરન્તુ એટલું તો ચોક્કસ થઇ ગયું છે કે, એ ભેદી તીરંદાજને નામે કામ કરતી કુમારિકા બ્હારવટીઆની જાસુસ છે."

"જાસુસ ? અને તે વળી એક સ્ત્રી જાત ?"

"હા. બ્હારવટીઆના મુખમાંથી એને માટે સ્ત્રી જેવું સંબોધન નીકળ્યું હતું, જ્યારે એ રમણી કે જેનું નામ રત્નાવળી છે, તે પોતાને વનવીરની બ્હેન કહેવડાવે છે."

"બ્હારવટીઆની બ્હેન! અને એનું નામ રત્નાવળી!"

"હા. જો ખાત્રી ન થતી હોય તો જુઓ. આ રહ્યો. આ કાગળ વાંચો."

ટ્વેન્કે પેલો લોહીથી લખાયલો વસ્ત્રને કટકો રણુવીરના હાથમાં મૂક્યો. રણુવીરે તે વાંચ્યો. વાંચીને પાછો આપ્યો. ટ્વેન્કે તે પાછો ગજવામાં મૂક્યો.

"તમારો ઘોડો ક્યાં?" રણુવીરે પૂછ્યું.

"તે પણ હરામખોર બ્હારવટીઓ લઇ ગયો."

રણુવીરના અશ્વ ઉપર બંને બેઠાં. ત્યાં તો મહારાણીનો અંગરક્ષક તેમને શોધતો શોધતો ત્યાં આવી પ્હોંચ્યો. તેણે મહારાણીના ઉતારાની વાત કરી. સેવકનો અશ્વ આગળ અને રણુવીરનો પાછળ એમ તેઓ ચાલવા લાગ્યા.

રસ્તે જતાં જતાં રણુવીર બોલ્યો. "ડિટેકટીવ સાહેબ! મ્હારી એક વાત માનશો?"

"શું? કહી નાંખો."

"તમારી આ બહાદુરીની વાતનો એક અક્ષર પણ મહારાણીને કાને ન નાંખતા."

"કેમ?"

"કેમ શું? તમારી કિંમત કોડીની થઇ જશે. સમજ્યા? વળી ઉપરથી શીરપાવ શું મળશે? શરમ છે. એક છોકરી અને એક બ્હારવટીઓ ન પકડાયા. કેમ! મ્હારૂં કહેવું કંઇ મગજમાં ઉતરે છે?"

"તમારૂ કહેવું બરાબર છે. એમજ કરીશ."

× × × ×

તે પછી છૂટા છૂટા પડેલાં પાંચે પ્રવાસીઓ ફરી પાછા સાથે થયાં. લીલાએ જ્યારે દેવેન્દ્રને તેના ઘોડા વિષે પૂછયું, ત્યારે તેણે જવાબ દીધો કેઃ—

"અંધારામાં મ્હારો ઘોડો એક પત્થર સાથે આથડી પડયો. એના એકાએક ઉછાળાથી હું નીચે પડી ગયો. અશ્વ કયાં ગયો? તેની મ્હને કંઇજ ખબર રહી નહી. જ્યારે કુમાર રણવીરે આવી મ્હને શુદ્ધિમાં આણ્યો, ત્યારેજ મ્હારી આંખો ખુલી."

"ત્યારે હવે અશ્વ વિના તમે શું કરશો?"

"મ્હારી ચિન્તા ન કરો. મહારાણી! તમે સુખેથી આગળ વધો. હું સવાર પડતાં તમને ત્યાં આવી મળીશ."

ડિટેકટીવ દેવેન્દ્ર પોતાની ગતમાં રમતો હતો. તેને તો પેલી તીરંદાજ રમણીને શોધવી હતી. ગુફામાં જવાનું તેને મન ન્હોતું. જ્યારે મહારાણી સારી પેઠે જાણતા હતા, કે "જો દેવેન્દ્ર સાથે હશે, તો વનમાળા ઉપર સખ્તાઇ કરવામાં એ નડતર રૂપ થઈ પડશે. તેમજ કુમાર સાથે વનમાળાની મરજી વિના એ લગ્ન પણ નહી થવા દે." માટે એ ભલે પાછળથીજ આવે.

પોતપોતાના સ્વાર્થમાં રમતા આ ઉભય મુત્સદીઓને મનભાવતું હતું, અને થયું. ડિટેકટીવની શરત મંજુર થઈ. કુમાર રણવીર તથા અંગરક્ષકોને લઇ મહારાણી લીલા તેજ વખતે આગળ વધી.

"જરા થોભો." દેવેન્દ્રને કંઇક યાદ આવતાં તે બોલ્યો.

"શું છે?"

"કદાચ તમે બ્હારવટીઆની ગુફાનું પ્રવેશદ્વાર બંધ જુઓ, તો તે ઉઘાડવાની છૂપી કળ હું તમને કહું છું, તે સાંભળો. ગુફાની જમણી બાજુએ એક ન્હાની કળ છે, તે દબાવજો."

"બહુ સારૂ."

તે પછી બને તો વધુ બાતમી મેળવવા ડિટેકટીવ દેવેન્દ્ર પોતાની એ અસલ જગ્યાએ (બંધાયો હતો તે.) પગે ચાલતો ધીરે ધીરે જઈ પ્હોંચ્યો. તેની અત્યંત અજાયબીની અંદર આ વખતે ત્યાં એક બીજું તીર ખોચાયલું હતું. એની સાથે બંધાયલી ચીઠ્ઠીમાં શું લખેલું હતું!

> બીથી હારનારને:-
> "શરમ છે."
> 'ભેદી તીરંદાજ.'

પોતાને આ માર્મિક ટોણો મારનાર તીરંદાજની ઉપર દેવેન્દ્રને કેવી દાઝ ચઢી હશે! એ તો એજ જાણે!

"હજુ એ આટલામાંજ હોવો જોઇએ." એવી એ તીર ઉપરથી કલ્પના કરતાં દેવેન્દ્રે જીવને જોખમે પણ હવે સૌથી પ્હેલાં એનેજ પકડવાની ભીષણ પ્રતિજ્ઞા કરી નાખી.

પરન્તુ દેવેન્દ્રને ક્યાં ખબર હતી? કે તીરંદાજ તેના માથાનો હતો.

## પુષ્પ:-૧૩ મું.

### "સો ફટકાની સજા."

વાવડીમાં ઉતરી પોતાના માથાનો ઘા ધોઈ મણીલાલ જ્યારે બ્હાર નીકળ્યો, ત્યારે રાત્રિનું અંધારૂ નહી જેવું હતું. પ્હો ફાટવાની તૈયારી હતી. છતા શ્રમિત એવો તે હતાશ થઈ એક વૃક્ષ નીચે આડો પડયો. તેની ઉજાગરાને લઇ ઘેરાતી આંખો મીંચાઈ ગઈ.

થોડી વારે ત્યાં કુમાર રણવીર તથા અંગરક્ષકોને લઇ મહારાણી **લીલા** આવી પ્હોચી પરોઢના ઝાંખા અજવાળામાં **શયતાની લીલાએ** ઝાડ નીચે સુતેલા **મણીલાલને** જોયો. તેને ઉઠાડવામાં આવ્યો.

મહારાણીને જોતાંજ **મણીલાલની ગએલી હીંમત પછી આવી.** તે બોલ્યો. "ભલે પધારો! મહારાણી!"

"મણીલાલ! ત્હેં અમને છેતર્યા. કેમ? ત્હારી આવી હાલત કોણે કરી?"

"મહારાણી! મ્હેં તમને એ બદમાશ બ્હારવટીઆની ગુફા બતાવવાનુ બીડુ ઝડપ્યું છે, એ વાતની ખબર વનવીરને પડતાંજ અને મ્હને ભરા સભામાં ઓળખતાંજ એણે મ્હારો પીછો પકડયો. પછી એનું શું થયું? તેની મ્હને મુદ્દલ ખબર નથી. જ્યારે હું આ ગુફામાં આવ્યો, ત્યારે મ્હને માલુમ પડયું, કે અંદર કોઈ એક સાધુ તથા વનબાળા નામની છોકરી છે. હું વનબાળાને પકડવા આગળ વધું

ત્યાં તો મ્હારી આ દશા થઇ, અને ગુફાનું દ્વાર ચમત્કારીક રીતે એની મેળેજ આપોઆપ બંધ થઈ ગયું. અત્યારે હું તમારીજ વાટ જોતો હતો."

"એ સાધુ કોણ? જરૂર પેલો તીરંદાજ જેને મ્હારા હાથમાંથી છોડાવી ગયો હતો, તેજ હોવો જોઇએ." મહારાણી કલ્પના કરી સ્વગત બબડી.

"ફિકર નહીં ગુફાનું પ્રવેશદ્વાર કેમ ઉઘડે છે? તે હું જાણું છું ચાલ." કહી **શયતાની લીલા** અંગરક્ષકોને બ્હાર થોભવાનું કહી કુમાર તથા મણિલાલ સાથે દેવેન્દ્રના કહ્યા મુજબ પેલી છૂપી કળ દાબી અંદર દાખલ થઇ.

તેઓએ અંદર શું જોયું? ગુફામાં સાધુ તો માલમ ન પડ્યો, પરન્તુ વનબાળાની પાસે કોઇએક પ્રૌઢ રમણી સૂનેલી હતી. લીલા મણિલાલ તથા કુમારને લઈ બ્હાર આવી, ત્રણે જણા 'હવે શું કરવું?' તેનો વિચાર કરવા લાગ્યા. અંતે એમ નક્કી થયું, કે વનબાળાની પડખે સૂનાર રમણીનું ખૂન કરી વનબાળાને બળાત્કારે ઉપાડી જવી.

વનબાળાને મહારાણી ઉપાડી જશે, તો પોતાની મનની મનમાંજ રહી જશે, એમ મણિલાલ વિચારવા લાગ્યો. પરન્તુ એ ચાલાક બદમાશે હમણા તો હાજી હા ભણી વખત આવતાં **શયતાની લીલાને** પણ હાથતાળી આપવાનો વિચાર કર્યો.

આખી રાત્રિની મુસાફરીથી થાકેલી મહારાણીએ કુમાર તથા અંગરક્ષકોને બ્હાર વિશ્રાન્તી લેવાનું કહી વાવડીમાં હાથ-મ્હોં ધોવા જવા વિદાય લીધી. દરમ્યાન ધારેલા કાર્યની પૂર્ણાહૂતિ કરવી મણિલાલને માથે આવી.

વનમાળાની પડખે સૂતેલી પેલી પ્રૌઢ રમણી ઉર્ફે આપણા પૂર્વ પરિચિત સંન્યાસીનું ખૂન કરવા મણિલાલ કટાર લઈ ગુફામાં પ્રવેશ્યો. પરન્તુ હજુ તો મણિલાલે એક ડગલું પણ આગળ નહી ભર્યું હોય, ત્યાં તો એક તીર સડસડાટ કરતું વનમાળાની પાસે સૂતેલી રમણી પાસે જઈ પ્હોંચ્યું. પત્થરના ચોરસ ટુકડા ઉપર એ બેખંડી અણીવાળા તીરનો અવાજ થતાંજ તે પ્રૌઢ રમણીની આંખો ઉઘડી ગઇ. તેણે એકદમ તીરને છેડે લગાડેલી ચિઠ્ઠી ઉઘાડી વાંચી. ભેદી તીરંદાજથી થર થર ધ્રુજતો મણીલાલ તો એક ખુણામાંજ લપાઇ ગયો. તેની છાતી ન ચાલી. ભર્યા દરબારમાં તે તેનો સપાટો જોઇ ચૂક્યો હતો.

સાવધાન !

ભેદી તીરંદાજ.

પેલી પ્રૌઢ રમણીએ ગુફાનું પ્રવેશદ્વાર ખુલ્લું જોયું. તેણે તુર્તજ સૂતેલી વનમાળાને ઢંઢોળી જાગૃત કરી. એક છૂપી કળ દબાવતાંજ માંહેનો એક ભાગ જમીનમાં સરી ગયો. વનમાળાનો હાથ ઝાલી તે તરફ ખેંચતી તે રમણી બોલી. "જલ્દી ચાલ. દુશ્મનો આવી પહોંચ્યા લાગે છે."

શિકાર છટકી જશે, તો મહારાણીનો તાપ સ્હેવો આકરો પડશે, એ આશયથી મણીલાલે ધ્રુજતાં ધ્રુજતાં તેમની પાસે દોડી પિસ્તોલનો વ્હાર કર્યો. વનમાળા ગભરાઇ જવાથી ન્હાસી ન શકી. મણીલાલના કંપતા હાથનો વ્હાર પેલી પ્રૌઢ રમણીના ડાબા હાથમાં વાગ્યો. છતાં તે એકલી ન્હાસી છુટી. છૂપું દ્વાર એની મેળેજ પાછું બંધ થઈ ગયું.

પિસ્તોલનો બ્હાર થતાંજ બ્હાર બેઠેલા બે અંગરક્ષકો તથા કુમાર રઘુવીર ત્યાં દોડી આવ્યા. મણીલાલના હાથમાં ફરી એક વાર વનમાળા સપડાઇ ગઇ. એટલામાં તો ત્યાં મહારાણી આવી પ્હોંચ્યા. મણીલાલે તેમને બનેલી બીના કહી સંભળાવી.

"ચિન્તા નહી મ્હારે જેનું ખરૂં કામ હતું, તે છોકરી રહી છે, એટલેજ બસ છે. બોલ ! વનમાળા ! હવે ત્હારો શો વિચાર છે ?"

'વિચાર ! શાનો વિચાર ?"

"મ્હારી મરજી માનવાનો, મ્હારી સત્તા આગળ માથું ઝુકાવવાનો."

"મ્હારો વિચાર કોઇ કાળે પણ બદલાનાર નથી, તે નથીજ. સમજ્યા ?'

"ગાંડી છોકરી ! તું જે બ્હારવટીઆની આશા ઉપર આટલી બધી કૂદે છે, તે બ્હારવટીઓ તો ક્યારનોય ફાંસીને લાકડે લટકી ગયો."

મણીલાલની વાતને ખોટી માનનાર વનમાળને હવે કંઇક શંકા પડી.

"ઓહ્ ! પ્રભુ ! હું આ શું સાંભળું છું ?" તેણે પોતાના બન્ને હાથે મોઢા ઉપર ઢાંકી દીધા. નીચે જમીન ઉપર બેસી ગઈ.

"હજુય કહું છું. કે વિચાર ફેરવ. ત્હને બરાબર વિચાર કરવા આજના દિવસની મહેતલ આપવામાં આવે છે. જો તે દરમ્યાન તું ત્હારો વિચાર નહી ફેરવે, તો આજ રાત્રે હું જાતેજ ત્હારો વિચાર ફેરવી નાખીશ." તે પછી વનમાળા સાંભળે એમ એ શયતાની લીલાએ મણીલાલને સંબોધી કહ્યું, "મણીલાલ ! આ નાદાન છોકરી પોતાની હઠ ન છોડે તો આજે રાત્રેજ સ્હામેના ઝાડ સાથે એને બાંધી તમારે મ્હને ખબર આપવી."

ચિત્રો સાથે.

# સચિત્ર નવલશા-હીરજી. સચિત્ર.



પ્રકાશક:-શ્રી પ્રાણજીવન પુસ્તકાલય. ટાવર રોડ-સુરત.

માલીક-ડૉ. પ્રાણલાલ ઉત્તમચંદ બુકસેલર અને પબ્લીશર-સુરત.

કીંમત આઠ આના.

"જેવો મહારાણીનો હુકમ."

"તમે મ્હને શી સજા કરવા માગો છો?"

"એક સો ફટકાની."

"સો ફટકા? ના...ના. ઓ નિષ્ઠુર મહારાણી! એટલી બધી ક્રૂર ન થા."

"છટ્! તું એનેજ લાયક છે. મ્હારા અપમાનનો બદલો હું બરાબર લેવા માગું છું."

વનમાળાને એક લાત મારી શયતાની લીલા ત્યાંથી ચાલતી થઈ. બ્હાર વડના વિશાળ ઝાડ નીચે અંગરક્ષકોએ તેને માટે સુંદર ગાલીચો બિછાવેલો હતો, ત્યાં જઈ તે આડી પડી. અંગરક્ષકો જ્યારે મહારાણીની તહેનાતમાં રહ્યા, ત્યારે મણીલાલ તથા કુમાર રણવીર વનમાળા ન્હાસી ન જાય, એટલા માટે પ્રવેશદ્વારે પ્હેરો ભરવા લાગ્યા.

મણિલાલને મહારાણી ઉપર, અને મહારાણીને મણિલાલ ઉપર એમ અરસપરસ અણુવિશ્વાસ હોવાથીજ બંને જણા વનમાળા ઉપર દેખરેખ રાખતા હત.

જ્યારે બિચારી નિરાધાર વનમાળા! વનવીરના કરણ મૃત્યુને તથા પોતાને આજ સાંજે થનારી ભયંકર સો ફટકાની સજાને સંભારી પોષ પોષ આંસુએ રડી રહી હતી.

## પુષ્પ:–૧૪ મું.

### "સૌથી પ્હેલી મા."

જંગલને ખુણેખાચરે આથડવા છતાં ડિટેકટીવ દેવેન્દ્રને બ્હારવટીઆ કે પેલા ભેદી તીરંદાજ કોઇની યે ભાળ ન મળી. તે થાકીને લોથપોથ થઈ જતાં એક જગાએ આરામને માટે સુતો હતો, ત્યાં તો વનવીરનો ઘાયલ થયેલો ઘોડો ચરતો ચરતો ત્યાં આગળ આવી લાગ્યો. દેવેન્દ્રે તેને તુર્તજ ઓળખ્યો. ચાલીને બહુજ થાકેલો હોવાથી તેણે એ લંગડાતા અશ્વનો પણ આશરો લઇ લીધો. ગરીબડું ઘાયલ પ્રાણી પોતાની પીડાને ન ગણકારતું સ્વારને લઇ ધીરેધીરે આગળ વધવા લાગ્યું,

દરમ્યાન બ્હારવટીઓ વનવીર વનબાગાને બચાવવા ખાતર ઘોડે ગુફા તરફ વધી રહ્યો હતો. પોતાનું રહેઠાણ ભાગ્યેજ બસો કદમ દૂર હશે, ત્યાં તો તેણે સ્હામેથી ચાલી આવતી એક સ્ત્રી–વ્યક્તિને જોઇ. તેણે અશ્વ થોભાવ્યો. જ્યારે તે લોહીલોહાણ વ્યક્તિ તેની છેક પાસે આવી "બેટા!" કહી જમીન ઉપર મૂર્છા ખાઇ ઢળી પડી, ત્યારેજ તેણે તેને ઓળખી. અશ્વ ઉપરથી નીચે ઉતરી, તેનું માથું પોતાના ખોળામાં લઇ તે બોલ્યો..."મા મા...આ ત્હારી શી દશા!"

પણ આંસુ ભરેલા પુત્રની આંખ સાથે આંખ સરખી મેળવવાની શુદ્ધિ એ રમણીમાં ન્હોતી. તેના જમણા હાથમાં ગોળી વાગી હતી. જેમાંથી ધોધમાર લોહી વહી જતું હતું. વનવીર એ હારી–મા ઉપર સજળ નયને

પાટો બાંધ્યો. જગ્યા સાફ કરી શીળી છાયામાં એને સુવડાવી, શુદ્ધિમાં લાવવાના ઉપચાર તેણે કરવા માંડયા.

બહુ વારે એની આંખ ઉઘડી. માતા–પુત્ર ભેટી પડયાં. તે પછી માએ પુત્રને છાતીએ દાબી પોતાનો ઇતિહાસ કહેવો શરૂ કર્યો. "વન-માળાને મ્હારા સંરક્ષણમાં મૂકી તું ગયો, તે પછી હું સાધુના વેશે, મ્હારા નિત્ય નિયમ પ્રમાણે લીલાપુરની બાતમી જાણવા રાજ્ય મ્હેલે ગઇ. જ્યાં મહારાણીએ મ્હને પકડી મંગાવી. ત્યાંથી ભેદી તીરંદાજે મ્હને છોડાવી, મૂક્ત કરી. તે પછી હું પાછી ગુફામાં આવી. દુષ્ટ મણિલાલના હાથમાંથી મ્હેં વનમાળાને બચાવી. ત્હારી બહુ રાહ જોઇ છતાં તું ન આવ્યો. છેવટે એ શયતાની લીલા પોતાના સાથીઓ સાથે ત્હને પકડવા અને વનમાળાને હસ્તગત કરવા આપણી ગુફા આગળ આવી પ્હોંચ્યા છે. અહીં પણ એ ભેદી તીરંદાજેજ અમને તીર મારી ચેતાવી દીધા. પરન્તુ એટલામાં મણિલાલ અમને પકડવા આવી પ્હોંચ્યો. હું ઘાયલ થઈ ગુપ્ત માર્ગ વાટે ન્હાસી છૂટી, અને વનમાળા પાછી પકડાઇ ગઈ...તું...જા...જલ્દી...જઈ...એને..."

"નહિ. મા ! એમ નહી બને. વનમાળા પછી. પ્હેલી તું. સારી દુનિયામાં ગ્હને કોઇ પૂછે તો કહી દઉં, કે "સૌથી પ્હેલી મા." પછી બીજા બધાં. ત્હને આરામ થયા વિના હું અહીંથી હવે એક પગલું પણ આગળ ભરનાર નથી."

ફરી એ રમણીની આંખો મિંચાઈ. વનવીર એની પાસે બેસી એની તન–મનથી સેવા કરવા લાગ્યો. માતાને ખાતર પુત્રે વનમાળાનો વિચાર સરખોય ન કર્યો. પતિપ્રેમ કરતાં માતૃપ્રેમ એણે વધારે ગણ્યો. એનું નામ તે પુત્ર !

પ્રિય વાંચક ! હવે તો ત્હને ઓળખાણ પડીને ? આ રમણી તે અન્ય કોઈ નહી, પરન્તુ પેલી સાધુવેશી સુન્દરી ! અને બ્હારવટીઆ વનવીરની મા વીરમતી હતી.

* * * *

સંધ્યાકાળ થવા આવ્યો, પરન્તુ વનવીરની માને કશો ફેર ન પડયો. આજ્ઞાધીન પુત્ર પણ ત્યાંથી જરાય ન ખસ્યો. એટલામાં ત્યાં ખોડંગતા અશ્વ ઉપર બેઠેલો ડિટેકટીવ દેવેન્દ્ર આવી પ્હોંચ્યો. બ્હારવટીઆ વનવીરને તેણે જોયો. પાછળથી આવી તેણે એના ખભા ઉપર હાથ મૂકયો. 'કેમ છે ?"

